RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 212* Date: 30.05.2022 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું

ભારતમાં યુનિકોર્નની સદી પૂર્ણ, 'સ્ટાર્ટઅપ બન્યું નવા ભારતની ઓળખ' : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૨૯

પીએમ નરેન્દ્ર મોદી આજે સવારે ૧૧ વાગ્યે પોતાનો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યા હતાં દર મહિનાના છેલ્લા રવિવારે સવારે ૧૧ વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયો અને ડીડી ચેનલો પર પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમનો આ ૮૯મો એપિસોડ હતો.

મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કહ્યું કે તાજેતરમાં દેશે એવી સિદ્ધિ મેળવી છે જે આપણા બધાને પ્રેરણા આપે છે. ક્રિકેટના મેદાન પર બેટ્સમેનની સદી સાંભળીને તમને ખુશી થશે, પરંતુ ભારતે બીજા મેદાનમાં પણ સદી ફટકારી છે. આ મહિનાની ૫મી તારીખે દેશમાં યુનિકોર્નની સંખ્યા ૧૦૦ પર પહોંચી ગઈ છે. યુનિકોર્ન એટલે કે ઓછામાં ઓછું સાડા સાત હજાર કરોડનું સ્ટાર્ટઅપ છે. આ યુનિકોર્નનું કુલ મૂલ્ય ૨૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. આ દરેક ભારતીય માટે ગર્વની વાત છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતીય યુનિકોર્નનો વાર્ષિક વિકાસ દર યુએસએ, યુકે અને અન્ય ઘણા દેશો કરતા વધારે છે. આગામી સમયમાં તેમાં જોરદાર ઉછાળો આવશે તેવું પણ જાણકારોનું કહેવું છે. અમારા યુનિકોર્ન વિવિધ પ્રદેશોમાંથી છે. સ્ટાર્ટઅપ વિશ્વ નવા ભારતની ભાવનાને વેગ આપી રહ્યું છે. દેશમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા સતત વધી રહી છે.

પીએમ મોદીએ કહ્યું, 'થોડા દિવસો પહેલા મને એક એવી રસપ્રદ અને આકર્ષક વસ્તુ મળી, જેમાં દેશવાસીઓની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભાનો રંગ ભરેલો છે. તમિલનાડુના તંજાવુરના એક સ્વ-સહાય જૂથ દ્વારા મને મોકલવામાં આવેલી આ અદ્ભૂત ભેટ છે. આ ભેટમાં ભારતીયતાની સુગંધ છે અને તે માતા-શક્તિના આશીર્વાદ - તેમના મારા પ્રત્યેના સ્નેહને પણ પ્રતિબિંબિત કરે છે. આ એક ખાસ તંજાવુર ડોલ છે, જેને GI ટેગ પણ મળ્યો છે. સ્થાનિક સંસ્કૃતિ સાથે જોડાયેલી આ ભેટ મને મોકલવા બદલ હું તંજાવુર સ્વ-સહાય જૂથનો વિશેષ આભાર માનું છું.'

પીએમ મોદીએ કહ્યું કે આપણી ઓળખ અલગ ભાષા અને ખોરાક છે. આ વિવિધતા આપણને એક રાષ્ટ્ર તરીકે એકજૂથ રાખે છે. આ દરમિયાન તેમણે મૂળ ઉત્તરાખંડમાં જોશીમઠની કલ્પનાનો ઉલ્લેખ કર્યો. પીએમે કહ્યું કે કલ્પના આજે તેની સખત મહેનતથી આપણા બધા માટે એક ઉદાહરણ બની ગઈ છે. તે પહેલા ટીવીથી પીડાતી હતી અને ત્રીજા ધોરણમાં તેની આંખોની રોશની ગુમાવી હતી. કલ્પનાએ હાલમાં જ કર્ણાટકમાં તેની ૧૦મીની પરીક્ષા પાસ કરી છે. આશ્ચર્યની વાત એ છે કે તેણે ૩ મહિનામાં કન્નડ ભાષા શીખી અને ૯૨ માર્ક્સ મેળવ્યા.

મન કી બાતમાં પીએમ મોદીએ ઉત્તરાખંડની ચારધામ યાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે દરરોજ હજારો ભક્તો કેદારનાથ પહોંચી રહ્યા છે. લોકો આ પ્રવાસના સુખદ અનુભવો શેર કરી રહ્યા છે. પરંતુ મેં એ પણ જોયું કે કેદારનાથમાં કેટલાક તીર્થયાત્રીઓ દ્વારા ફેલાવવામાં આવેલી ગંદકીથી ભક્તો પણ ખૂબ જ દુઃખી છે. સોશિયલ મીડિયા પર પણ ઘણા લોકોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આપણે પવિત્ર યાત્રાએ જઈએ અને ત્યાં ગંદકીનો ઢગલો થાય, એ સારી વાત નથી. પરંતુ આ દરમિયાન ઘણા લોકો એવા છે જેઓ દર્શનની સાથે સ્વચ્છતા અભિયાનમાં પણ લાગેલા છે. અનેક સંસ્થાઓ પણ ત્યાં કામ કરી રહી છે. જેમ તીર્થયાત્રાનું મહત્વ અહીં આપણામાં છે, તેવી જ રીતે તીર્થ સેવાનું પણ મહત્વ જણાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યું, 'આ તંજાવુર ડોલ જેટલી સુંદર છે, તેટલી જ તે મહિલા સશક્તિકરણની નવી કહાની પણ લખી રહી છે. તંજાવુરમાં મહિલા સ્વ-સહાય જૂથના સ્ટોર્સ અને કિઓસ્ક પણ ખુલી રહ્યા છે. જેના કારણે કેટલાય ગરીબ પરિવારોની જિંદગી બદલાઈ ગઈ છે. આવા કિઓસ્ક અને સ્ટોર્સની મદદથી મહિલાઓ હવે ગ્રાહકોને તેમની પ્રોડક્ટ સીધું વેચી શકશે. આ પહેલને 'થરગાઈગલ કૈવિનાઈ પોરુત્તકલ વીરપ્પનાઈ અંગાડી' નામ આપવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે આ પહેલ સાથે ૨૨ સ્વ-સહાય જૂથો જોડાયેલા છે.

પીએમ મોદીએ કહ્યું, 'મન કી બાતના શ્રોતાઓને મારી પણ વિનંતી છે. તમે, તમારા વિસ્તારમાં કયા મહિલા સ્વસહાય જૂથો કાર્યરત છે તે શોધો. તમારે તેમના ઉત્પાદનો વિશે પણ માહિતી એકત્રિત કરવી જોઈએ અને આ ઉત્પાદનોનો શક્ય તેટલો ઉપયોગ કરવો જોઈએ. આ કરવાથી તમે માત્ર સ્વસહાય જૂથની આવક વધારવામાં મદદ કરશો, પરંતુ 'આત્મનિર્ભર ભારત અભિયાન'ને પણ પ્રોત્સાહન મળશે.

આ દરમિયાન પીએમ મોદીએ ગણા એવા લોકોની વાત કરી, જેમણે જાતે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કર્યું અને રોજગાર ઉભું કરવા માટે કામ કર્યું. તેના સિવાય મોદીએ જણાવ્યું કે, આપણા માટે એ ખુબ જ ખુશીની વાત છે કે સ્ટાર્ટઅપ્સ માટે ભારતમાં આજે પુરો સપોર્ટ સિસ્ટમ તૈયાર થઈ રહ્યો છે. આવનાર સમયમાં અમે ભારતના સ્ટાર્ટઅપ વર્લ્ડની નવી ઉડાન જોવા મળશે.

યોગ દિવસ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, 'મિત્રો, આ વખતે આપણા દેશમાં 'અમૃત મહોત્સવ'ને ધ્યાનમાં રાખીને દેશના ૭૫ મુખ્ય સ્થળોએ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'નું પણ આયોજન કરવામાં આવશે. આ અવસર પર ઘણી સંસ્થાઓ અને દેશવાસીઓ પોતપોતાના ક્ષેત્રોમાં વિશેષ સ્થાનો પર પોતાના સ્તરે કંઈક નવીન કરવાની તૈયારી કરી રહ્યા છે. હું તમને પણ વિનંતી

કરીશ કે, આ વખતે યોગ દિવસની ઉજવણી કરવા માટે તમારા શહેર, નગર કે ગામડામાં સૌથી વિશેષ હોય તેવી કોઈ જગ્યા પસંદ કરો. હું ઈચ્છું છું કે તમે પણ 'યોગ દિવસ'ની તૈયારીઓ હમણાંથી જ શરૂ કરો. વધુમાં વધુ લોકોને મળો, સૌને 'યોગ દિવસ'ના કાર્યક્રમમાં જોડાવા વિનંતી કરો, પ્રેરણા આપો.

'મન કી બાત'ના ૮૮મા એપિસોડમાં પીએમ નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ઉદ્ઘાટન કરાયેલ ×પ્રધાનમંત્રી સંગ્રહાલય× નો ઉલ્લેખ કરતા દેશના ભૂતપૂર્વ વડા પ્રધાનોના યોગદાનને યાદ કર્યું. પીએમ મોદીએ યુવાનોને પોતપોતાના વિસ્તારોમાં મ્યુઝિયમની મુલાકાત લેવા પણ આહ્વાન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું હતું કે, મારી પાસે મારા યુવા મિત્રો માટે ઘ્ઓક આઈડિયા છે. તમે તમારા વિસ્તારમાં કોઈપણ મ્યુઝિયમ જોવા જાઓ, ત્યાં તમારો અનુભવ પોસ્ટ કરો. જણાવી દઈએ કે આ કાર્યક્રમને ૨૩ ભાષાઓ અને ૨૯ બોલીઓમાં પ્રસારિત કરવામાં આવે છે. 'મન કી બાત' કાર્યક્રમનો પહેલો એપિસોડ વર્ષ ૨૦૧૪માં ૩ ઓક્ટોબરે પ્રસારિત થયો હતો.

રાજ્યોમાં બનેલા નાગરિક સંહિતાના કાયદા પાછળથી કેન્દ્રીય કાયદાઓમાં સામેલ કરાશે

નવીદિલ્હી,તા.૨૯

કેન્દ્ર સરકારે દેશના નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા કાયદો લાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ કાયદાનું કેન્દ્રીય બિલ આગામી સમયમાં ગમે ત્યારે સંસદ માં રજૂ કરવામાં આવી શકે છે. પરીક્ષણ તરીકે, આ કાયદો બનાવવાની કવાયત ઉત્તરાખંડમાં શરૂ કરવામાં આવી છે, જેમાં એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ માટે ડ્રાફ્ટ માર્ગદર્શિકા કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા જ આપવામાં આવી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કાયદાનો ડ્રાફ્ટ કેન્દ્ર સરકાર પાસે છે.

સરકારના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યોમાં બનેલા નાગરિક સંહિતાના કાયદા પાછળથી કેન્દ્રીય કાયદાઓમાં સામેલ કરવામાં આવશે. કારણ કે સમાનતા લાવવા માટે કાયદો કેન્દ્રિય હોવો જોઈએ. રાજ્યોમાં આ કાયદો અજમાયશના ધોરણે બનાવવામાં આવી રહ્યો છે. આ પહેલીવાર છે જ્યારે સરકારે આ કાયદો લાવવા અંગે આટલું સ્પષ્ટ કહ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે આ કાયદો ચોક્કસ આવશે પરંતુ ક્યારે આવશે, તે પ્રશ્ન છે.

સરકાર યુનિફોર્મ સિવિલ કોડ પર નેશનલ લો કમિશન પાસેથી રિપોર્ટ લેવાનો ઇરાદો ધરાવે છે, પરંતુ ૨૦૨૦ માં બિન-કાર્યકારી કાયદા પંચની પુનઃરચનાને કારણે, રાજ્ય સ્તરે સમિતિઓની રચના કરવામાં આવી રહી છે. કમિટિનું ફોર્મેટ લો કમિશન જેવું જ છે. જેમાં સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રંજના દેસાઈ, દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ પ્રમોદ કોહલી, ભૂતપૂર્વ આઈએએસ શત્રુઘ્ન સિંહ અને દૂન યુનિવર્સિટીના વીસી સુરેખા ડાંગવાલનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે આ કમિટી અન્ય રાજ્યો મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશમાં પણ બની શકે છે. આ રાજ્યો પહેલાથી જ સમાન નાગરિક સંહિતા માટે સંમત થયા છે. કેન્દ્ર સરકાર દ્વારા સમિતિના સંદર્ભના મુદ્દા આપવામાં આવ્યા છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આદિવાસીઓ પર તેને કેવી રીતે લાગુ કરવું, કારણ કે તેમના કાયદા તેમના રિવાજો અનુસાર છે. દેશમાં ૧૦ થી ૧૨ કરોડ આદિવાસીઓ રહે છે, જેમાંથી લગભગ ૧૨ ટકા ઉત્તરપૂર્વમાં રહે છે. કાયદો આવતાની સાથે, સંયુક્ત ભારતીય પરિવારને આપવામાં આવતી આવકવેરામાં છૂટ સમાપ્ત થઈ જશે. સૂત્રોએ કહ્યું કે જો આપણે એક દેશ તરીકે આગળ વધવું હોય તો થોડું એડજસ્ટ કરવું પડશે.

બેઠકમાં સત્તા પરિવર્તન, રાજયસભા ચુંટણી, વિધાન પરિષદ ચુંટણી રાષ્ટ્રપતિ ચુંટણી સહિતના અનેક મુદ્દા પર ચર્ચા થશે

લાલુ પ્રસાદ બિહારની રાજનીતિમાં ફરી સક્રિય, પાર્ટીના ધારાસભ્યોની બેઠક બોલાવી

પટણા,તા.૨૯

બિહારની રાજનીતિ લાલુ પ્રસાદ યાદવ વિના અધુરી રહી છે લાલુનના ન રહેવા અને તેમના સક્રિય ન હોવાથી બિહારની રાજનીતિ અનેકવાર નીરસ લાગી રહી હતી બિહારના રાજનીતિના જાણકારોનું એવું માનવું છે કે હવે લાલુ પ્રસાદે બિહારની ધરતી પર પગ મુકયા છે અને તેઓ સક્રિય થયા છે તેમણે પાર્ટીની બેઠક બોલાવી છે

લાલુ પ્રસાદે ૩૧મેના રોજ વિધાનસભા પક્ષની બેઠક બોલાવી છે આ બેઠક પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીના નિવાસ પર યોજાશે આ બેઠકની અધ્યક્ષતા લાલુ પ્રસાદ કરશે.બેઠકની ખાસ વાત એ છે કે તેમાં તેજસ્વી અને તેજપ્રતાપ એક સાથે સામેલ થશે આ બેઠકમાં પાર્ટીના તમામ ધારાસભ્યોને હાજર રહેવાનો આદેશ આપ્યો છે. એ યાદ રહે કે બિહારમાં હાલના દિવસોમાં રાજનીતિ ગરમ છે.સત્તા પક્ષની વાત કરીએ કે વિરોધ પક્ષની બંન્ને જુથોમાં હલચલ તેજ છે આ બધાની વચ્ચે રાજદના ધારાસભ્યોની બેઠક મહત્વપૂર્ણ બની રહેશે બેઠકમાં તમામ ધારાસભ્યો હાજર રહેશે અને લાલુથી વિશેષ મંત્ર ગ્રહણ કરશે આ બેઠકમાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવ,તેજ પ્રતાપ સિંહ લલિત યાદવ ભાઇ વીરેન્દ્ર ડો મુકેશ રોશન વિજય સમ્રાટ સહિત તમામ ધારાસભ્યોને ખાસ રીતે હાજર રહેવા માટે જણાવાયું છે.

પાર્ટી તરફથી મળતી માહિતી અનુસાર આ બેઠક ખુબ મહત્વપૂર્ણ છે.રાજદ તરફથી કહેવામાં આવ્યું છે કે આ બેઠક મેના અંતિમ દિવસોમાં બોલાવવામાં આવી છે.આ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે અને આ સાથે જ શહાબુદ્દીનના સમર્થકોની નારાજગી પર પણ વાતચીત થશે આ ઉપરાંત ૧૦ જુને યોજાનાર રાજયસભા ચુંટણીને લઇને પણ ચર્ચા કરવામાં આવશે.એ યાદ રહે કે એક જુને મુખ્યમંત્રી નીતીશકુમારે જાતીય વસ્તી ગણતરી પર બેઠક બોલાવી છે તેના હિસાબથી લાલુની બેઠક મહત્વપૂર્ણ બની જશે બિહારમાં હાલના દિવસોમાં રાજયસભા ચુંટણી અને જદયુની અદર આરસીપી સિંહને લઇ વાતાવરણ પુરી રીતે ગરમાયેલું છે આવામાં આ બેઠકનું રાજકીય મહત્વ વધી ગયું છે. લાલુ તમામ વસ્તુઓ પર નજર રાખી રહ્યાં છે.આ બેઠકમાં સત્તા પરિવર્તના,રાજયસભા ચુંટણી,વિધાન પરિષદ ચુંટણી રાષ્ટ્રપતિ ચુંટણી સહિતના અનેક મુદ્દા પર ચર્ચા થશે કારણ કે તાજેતરમાં નીતીશકુમાર અને લાલુ પ્રસાદ પરિવારની વચ્ચે પણ ઇફતાર પર થયેલ મુલાકાતને લઇ અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી હતી આ મુદ્દા પર પણ ચર્ચા થવાની સંભાવના છે.

મોંઘવારી સામે લડવા ઓઈલ કંપનીઓ પાસે વધુ ટેક્સ વસૂલવા સરકારની તૈયારી

નવીદિલ્હી,તા.૨૯

રશિયા-યુક્રેન યુદ્ધને કારણે વિશ્વભરની ઓઈલ કંપનીઓને મસમોટી આવક થઈ રહી છે. ક્રૂડના ભાવ ઉંચકાતા અને કુદરતી ગેસના ભાવ અંદાજે બમણા થતા બ્રિટને જ ગઈકાલે ઓઈલ એન્ડ ગેસ કંપનીઓ પર ૨૫% ટેક્સ લાદવાની જાહેરાત કર્યા બાદ હવે આ જ તર્જ પર ભારતની ઓઈલ અને ગેસ કંપની કોમોડિટી કંપનીઓ અને ક્રૂડની પરોક્ષ અસર ધરાવતા સેક્ટર પર ટેક્સ વસૂલવાની તૈયારી મોદી સરકાર કરી રહી છે.

એક અહેવાલ અનુસાર ભારત સરકારે પણ બ્રિટનની માફક સ્થાનિક ઓઈલ એન્ડ ગેસ કંપનીઓને અણધાર્યા અને નોન-બિઝનેસ પરિબળોને કારણે થનારા વધારાના નફાને ધ્યાનમાં રાખીને વધુ ટેક્સ વસૂલવાની ઈચ્છા જાગી છે. આ અંગે નાણામંત્રાલયમાં ચર્ચાઓ શરૂ થઈ કે ભારતમાં આ પ્રકારનો વિન્ડફોલ ટેક્સ કઈ રીતે લાદવામાં આવે અને તેની પરિભાષા શું હશે ?

રિપોર્ટ અનુસાર વૈશ્વિક ક્રૂડ અને કોમોડિટીના ભાવ અમુક સ્તરથી ઉપર જતા ભારતમાં ઓઈલ એન્ડ ગેસ કંપનીઓ પર આ પ્રકારનો વિન્ડફોલ ટેક્સ લાદવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગુરૂવારે રાત્રે બ્રિટનના નાણામંત્રી રિશિ સુનાકે મોંઘવારી સામે લડવા માટે રાહત પેકેજ જાહેર કરવાની સાથે ઓઈલ અને ગેસ કંપનીઓ પર ૨૫% વન ટાઈમ વિન્ડફોલ ટેક્સ લાદ્યો છે.

યાસીન મલિકને ઉમ્રકેદની સજા કાનુનન યોગ્ય નથી : પ્રકાશ આંબેડકર

પુણે,તા.૨૯

કાશ્મીરના અલગાવવાદી નેતા યાસીન મલિકને ઉમ્રકેદની સજા આપવાના નિર્ણયને વકીલ પ્રકાશ આંબેડકરે ખોટી બતાવી છે.તેમણે યુએપીએની કલમોમાં યાસીનને ઉમ્રકેદની સજા પર સવાલ ઉઠાવ્યા છે.પ્રકાશે કહ્યું કે એનઆઇએ કોર્ટે યાસીન મલિકને યુએપીએની તે કલમો હેઠળ દોષીત ઠેરવ્યો છે જેને આપણો કાનુન અસ્તિત્વહીન માને છે એ યાદ રહે કે પ્રકાશ આંબેડકર ભારત રત્ન ડો ભીમરાવ આંબેડકરનો પૌત્ર છે પ્રકાશ વંચિત બહુજન અઘાડી પાર્ટીના અધ્યક્ષ પણ છે.

તેમણે કહ્યું કે કલમ ૧૨૪(૧) અને ૧૨૪(એ), દેશદ્રોહ કાનુન એક ઔપનિવેશિક કાનુન છે જેને લોર્ડ્સ અને હાઉસ ઓફ કોમન્સ દ્વારા ઇંગ્લેન્ડમાં સમાપ્ત કરી દેવામાં આવ્યો છે.વકીલ પ્રકાશ આંબેડકરે કહ્યું કે સંસદે ૪૪માં સંશોધનમાં ઉપખંડ ૪ અને ઉપખંડ ૭ને હટાવી દેવામાં આવી છે આવામાં કોઇ ઉપખંડ ૪ કે ઉપખંડ ૭ રહ્યો નથી હવે બંધારણમાં આ બે ઉપખંડ નથી અને ૧૯૬૭ના રોકથામ અધિનિયમને સંસદ દ્વારા અલગ રાખવામાં આવ્યા છે આવામાં તેને કોઇ પણ કોર્ટ દ્વારા લાગુ કરી શકાય નહીં કારણ કે આ કાનુન મોજુદ નથી

જો કે તે હિંસાને લઇ શું જેમાં આટલા લોકોના જીવ ગુમાવ્યા અને જેકેએલએફના વડાને તેના મોટે દોષિત ઠેરવવામાં આવ્યા છે.આ સવાલને પ્રકાશ આંબેડકરે યોગ્ય ઠેરવી અને કહ્યું કે ફકત કાશ્મીરમાં જ નહીં ભારતના અન્ય ભાગોમાં બોંબ વિસ્ફોટોના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે આ વિસ્ફોટોને ભારતીયોએ પરિણામ આપ્યું છે કે બહારના લોકોએ તેની તપાસની જરૂરત છે અને સજા અદાલત નક્કી કરશે

વકીલ આંબેડકરે કહ્યું કે જો હિંસા થઇ છે અને જો આ હિંસાને કારણે લોકો હતાહત થયા છે તો આઇપીસીની હેઠળ એવી ધારણા છએ જેમાં કોઇને જવાબદાર ઠેરવી શકાય છે પરંતુ આ કોઇ ઉપખંડ ચાર નથી અને કલમ ૨૨ની ઉપખંડ સાતને હટાવી દેવામાં આવી છે તેમણે કહ્યું કે આજે પ્રિવેટિંવ ડિટેશન પર કોઇ કાનુન નથી આથી તેમણે કોર્ટને અપીલ કરી છે કે તે જે ઇશારો કરી રહ્યાં છે તેની તપાસ થવું જોઇએ જયારે કલમ ૨૨નું કોઇ ઉપખંડ ૪ અથવા ઉપખંડ ૭ નથી તો યુએપીએનો કોઇ મહત્વ નથી

ચીનમાં ભારે વરસાદે તબાહી મચાવી; ૧૫ના મોત

બીજીંગ,તા.૨૯

દક્ષિણ ચીનમાં મુશળધાર વરસાદને કારણે સર્જાયેલા અનેક અકસ્માતોમાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે અને અન્ય ત્રણ લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. ચીનની સત્તાવાર ઝિન્હુઆ સમાચાર એજન્સીએ વુપિંગ કાઉન્ટીના માહિતી કાર્યાલયને ટાંકીને જણાવ્યું હતું કે ફુજિયન પ્રાંતમાં ભૂસ્ખલનથી બે ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી, જેમાં આઠ લોકોના મોત થયા હતા.રાષ્ટ્રીય પ્રસારણકર્તા સીસીટીવીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે યુનાન પ્રાંતમાં અન્ય પાંચ લોકોના મોત થયા હતા અને ત્રણ ગુમ થયા હતા. ગુઆંગસી પ્રદેશમાં ઝિનચેંગ કાઉન્ટીમાં શુક્રવારે ત્રણ બાળકો પૂરના પાણીમાં વહી ગયા હતા, જેમાંથી બેના મોત થયા હતા અને એકને બચાવી લેવામાં આવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

યુનાન પ્રાંતના ક્યુબેઈ કાઉન્ટીમાં રસ્તાઓ, પુલ, ટેલિકોમ્યુનિકેશન અને પાવર પ્લાન્ટને નુકસાન થયું હતું. આ સ્થળ વિયેતનામ બોર્ડરથી ૧૩૦ કિમી દૂર છે. ટ્રાફિક વ્યવસ્થાને માઠી અસર થઈ છે. લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા મદદ કરવામાં આવી રહી છે. ફુજિયાનમાં એક ફેક્ટરીના કાટમાળમાંથી પાંચ અને રહેણાંક મકાનના કાટમાળમાંથી ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા. વૂપિંગ કાઉન્ટીમાં ગુરુવાર સાંજથી વરસાદ પડી રહ્યો છે. ઓનલાઈન શેર કરાયેલા એક વીડિયોમાં, શેરીઓ કાદવવાળુ પાણીથી ભરેલી છે. ઘણી જગ્યાએ રસ્તાઓ આંશિક રીતે ધોવાઈ ગયા હોવાના અહેવાલ છે.

તંત્રી સ્થાનેથી...

ભ્રષ્ટાચારી નેતા

આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલાને ચાર વર્ષની સજાએ નેતાઓના બેલગામ ભ્રષ્ટાચારને ફરી એક વખત ઉજાગર કર્યો છે. ચૌટાલા પર આવક કરતાં ૧૮૯ ગણા વધારે પૈસા કમાવાનો આરોપ લાગ્યો હતો. તેનાથી એ જ ખબર પડે છે કે નેતા સત્તાનો કેટલો મનમાફક ઉપયોગ કરે છે. ભ્રષ્ટાચારનો આ બીજો કિસ્સો છે, જેમાં ચૌટાલાને સજા સંભળાવવામાં આવી છે. તેના પહેલાં તેમને શિક્ષક ભરતી કૌભાંડમાં સજા મળી હતી. તેઓ એ સજા કાપીને નીકળ્યા જ હતા કે આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં દોષીત ઠર્યા. આ મામલે સીબીઆઇએ તેમના વિરુદ્ધ ૨૦૧૦માં ચાર્જશીટ દાખલ કરી હતી. કાયદેસર તેના નિકાલમાં આટલો બધો વિલંબ ન થવો જોઇએ. જો નેતાઓ અને અધિકારીઓના ભ્રષ્ટાચાર પર લગામ લગાવવી હોય તો સૌથી પહેલાં તો એ સુનિશ્ચિત કરવું જોઇએ કે તેમના કેસોની સુનાવણી પ્રાથમિકતાના આધાર પર થવી જોઇએ, એટલું જ નહીં, ઝડપથી પણ થવી જોઇએ. એવું કરીને ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓને યોગ્ય સંદેશ આપી શકાશે. યોગ્ય એ રહેશે કે કેન્દ્ર સરકાર અને સીબીઆઇ, ઇડી જેવી તેની એજન્સીઓ સાથે ન્યાયપાલિકા તેના માટે કોઈ ઠોસ વ્યવસ્થાનું નિર્માણ કરે કે નેતાઓના ભ્રષ્ટાચારના કેસોનો નિકાલ એક સીમિત અવધિમાં થઈ જાય. એ યોગ્ય નથી કે કેટલીય વાર વિશેષ અદાલતોમાં પણ આવા કેસોનો નિકાલ થવામાં બિનજરૂરી વિલંબ થાય છે.

એક સમસ્યા એ પણ છે કે જો ક્યારેક નીચલી અદાલતો તરફથી સમયસર ચુકાદો આપી દેવામાં આવે છે તો ઉચ્ચતર ન્યાયપાલિકા તરફથી એટલી તત્પરતા નથી દેખાડવામાં આવતી. પરિણામ એ થાય છે કે અંતિમ ચુકાદો આવવામાં એક-દોઢ દાયકો લાગી જાય છે. આ દરમ્યાન ભ્રષ્ટાચારમાં આરોપી નેતા જામીન મેળવીને બહાર આવી જાય છે અને જનતા વચ્ચે એમ કહીને તેની હમદર્દી લેવાની કોશિશ કરે છે કે તેમને ખોટા આરોપોમાં અથવા તો રાજકીય બદલાની ભાવના રાખીને ફસાવવામાં આવ્યા છે. કેટલીય વાર જનતા તેમના ભરમાવામાં આવી જાય છે.

એ ઠીક છે કે મોદી સરકારના સત્તામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારના સ્તરે ભ્રષ્ટાચાર પર એક ઘણી હદે લગામ લાગી છે, પરંતુ આ જ વાત રાજ્યોના સ્તર પર હજુ નથી કહી શકાતી. એટલા માટે, કારણ કે વારે-તહેવારે કોઈને કોઈ નેતા વિરુદ્ધ સીબીઆઇ અથવા ઇડીની કાર્યવાહીના સમાચારો આવતા જ રહે છે. કેટલાક રાજકીય પક્ષો તો પોતાના મંત્રીઓના ભ્રષ્ટાચાર પ્રત્યે એટલા ઢીટ થઈ ગયા છે કે તેમની ધરપકડ કરાયા બાદ પણ તેમની પાસેથી રાજીનામું માંગવાની જરૂર નથી જોતા. જ્યારે આવી સ્થિતિ હોય તો નેતાઓના કામકાજનું ગહન નિરીક્ષણ કરવા અને તેમના ભ્રષ્ટાચાર વિરુદ્ધ કઠોર પગલાં ભરવાની જરૂર છે.

અમદાવાદમાં ગાયકવાડ હવેલી ખાતે પોલીસના રહેણાક અને બિનરહેણાક આવાસ તથા એકતા ગ્રાઉન્ડનું લોકાર્પણ

અમદાવાદ શહેરના હાર્દ સમા વિસ્તાર ગાયકવાડ હવેલી ખાતે પોલીસના રહેણાંક અને બિનરહેણાંક આવાસો તથા એકતા ગ્રાઉન્ડના લોકાર્પણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાંવિવિધ જિલ્લાઓમાં નિર્મિત પોલીસ રહેણાક અને બિનરહેણાક આવાસ સહિતના પોલીસ વિભાગના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ જિલ્લાની જેમ અમદાવાદના ગાયકવાડ હવેલી પરિસરમાં જિલ્લા કક્ષાએ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન થયું હતું.

ગાયકવાડ હવેલી ખાતે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી અને અમદાવાદ જિલ્લા પ્રભારી શ્રી ઋષિકેશભાઈ પટેલ તથા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. આ સિવાય અમદાવાદ શહેરના પ્રથમ નાગરિક મેયર શ્રી કિરીટભાઈ પરમારે પણ હાજરી આપી. તેમની સાથે અમદાવાદ પશ્ચિમથી લોકસભા સાંસદ ડો. કિરીટભાઈ સોલંકી અને અમદાવાદના ધારાસભ્યો શ્રી રાકેશભાઈ શાહ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ અનેશ્રી બલરામભાઈ થાવાણી પણ જોડાયા હતા. 'ગુજરાતની શાંતિ અને સલામતી પોલીસકર્મીઓ સાચવે તેમના પરિવારને સરકાર સાચવશે' કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની આ બાહેંધરીને સાકાર કરતા અમદાવાદ શહેરમાં પોલીસ કર્મચારીઓને રહેવા માટેની ઉત્તમ સુવિધા મળે તે હેતુથી અમદાવાદ શહેર ખાતે ૩ નવી પોલીસ લાઈન બનાવી ૨૪૦ જેટલા મકાનો બનાવાયા છે. ૮ કરોડથી વધુના ખર્ચે ચાંદખેડા પોલીસ લાઈન, દેવજીપુરા પોલીસ લાઈન તથા વટવા પોલીસ લાઈનના આવાસો બનાવવામાં આવ્યા છે. જેમાં ફર્નિચર, લિફ્ટ, ગેસલાઈન, જનરેટર સહિતની અદ્યતન સુવિધાઓ સાથે ફાયર સેફ્ટીની પણ વ્યવસ્થા કરવામા આવી છે.

અમદાવાદ પોલીસ અને શહેરના યુવાનો માટે ૮૬ લાખના ખર્ચે કાઇમ બ્રાંચ ગાયકવાડ હવેલી ખાતે એકતા સ્પોર્ટસ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યું છે. આ એકતા ગ્રાઉન્ડનો કુલ વિસ્તાર ૮૫૦૧.૬૧ ચોરસ મીટર છે.ગ્રાઉન્ડમાં એક ફૂટબોલ, વોલીબોલ, બાસ્કેટબોલ કોર્ટ અને કબ્બડી ગ્રાઉન્ડ બનાવાયું છે. ફૂટબોલ ગ્રાઉન્ડની ફરતે વોકિંગ ટ્રેક બનાવવામાં આવ્યો છે. આ ગ્રાઉન્ડના ઉપયોગ થકી અમદાવાદના ખેલાડીઓની ક્ષમતા અને કૌશલ્યને વિકસીત કરવાની સાથે પોલીસ અને પ્રજા વચ્ચે મૈત્રી સેતુ પણ સ્થાપી શકાશે. એકતા સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ અંગે વાત કરતા પશ્ચિમ અમદાવાદના સાંસદ શ્રી ડૉ. કિરિટ સોલંકીએ જણાવ્યું હતુ કે, એકતા ગ્રાઉન્ડ એ ધરોહર સમાન છે. વસંત-રજબની એકતાની હરહંમેશ યાદ અપાવતા સંકુલ નજીક નિર્મિત આ ગ્રાઉન્ડમાં ખેલાડીઓ પ્રેક્ટિસ કરીને વિશ્વસ્તરે સારું પ્રદર્શન કરીને વસંત-રજબની એકતાનો સંદેશ વૈશ્વિક સ્તરે પહોંચાડશે.

અમદાવાદના પ્રથમ નાગરિક મેયર શ્રી કિરીટ પરમારે જણાવ્યું કે, સમગ્ર અમદાવાદને કોમી એકતાનું ઉદાહરણ આ વિસ્તાર આપી રહ્યો છે. એકતા ગ્રાઉન્ડનો આશય નવી પેઢીનો શારીરિક અને માનસિક રૂપથી વિકસીત કરવાનો છે.

અમદાવાદ શહેરને મળેલી આ નવીનત્તમ ભેટના લોકાર્પણ પ્રસંગે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ, એડમિન વિભાગના જેસીપી શ્રી અજય ચૌધરી સહિત વિવિધ ઝોનના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, વિવિધ વિભાગના પોલીસકર્મચારીઓ અને વિસ્તારના સામાજીક આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે સહકારથી સમૃદ્ધિ વિષય પર વિવિધ સહકારી સંસ્થાઓના આગેવાનો સાથે સેમિનાર

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રેરક માર્ગદર્શનમાં તેમજ ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો

સહકાર ગામડાને સ્વનિર્ભર બનાવવા મોટુ માધ્યમ છે અને તેમા આત્મનિર્ભર ભારતની ઉર્જા છે. આત્મભારતના નિર્માણ માટે ગામડાનું આત્મનિર્ભર થવું જરૂરી છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે તારીખ ૨૮ મે ૨૦૨૨ ના રોજ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે સહકારથી સમૃદ્ધિ વિષય પર વિવિધ સહકારી સંસ્થાઓના આગેવાનો સાથે સેમિનાર દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રેરક માર્ગદર્શનમાં તેમજ ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, રાજયના મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની ઉપસ્થિતિમાં યોજાયો. આ સેમિનારમાં રાજયની વિવિધ સહકારી સંસ્થાઓના સાત હજારથી વધુ પ્રતિનિધીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્ય તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે પ્રધાનસેવકને શાલ અર્પણ કરી સ્વાગત કર્યુ. રાજયકક્ષાના મત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને કૃષિપેદાશો દર્શાવતું વિશેષ સ્મૃતિ ચિન્હ અર્પણ કર્યુ. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આશરે ૧૭૫ કરોડ રૂપિયાના ખર્ચે કલોલ ઇફકો નિર્મિત નેનો યુરિયા(લિક્વિડ)પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.

આ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભારત માતા કી જયના ના નાદ સાથે સંબોધનમાં જણાવ્યું કે, દેશભરમાં લાખો સ્થળોથી આજે ખેડૂતો ગુજરાતના ગાંધીનગરના મહાત્મા મંદિરથી જોડાયા છે. સહકાર ગામડાને સ્વનિર્ભર બનાવવા મોટુ માધ્યમ છે અને તેમા આત્મનિર્ભર ભારતની ઉર્જા છે. આત્મભારતના નિર્માણ માટે ગામડાનું આત્મનિર્ભર થવું જરૂરી છે. આ માટે પૂજય બાપુ અને સરદાર સાહેબે જે માર્ગ આપણને બતાવ્યો છે તે પ્રમાણે આજે આપણે મોડલ કો-ઓપરેટિવ વિલેજ દિશામાં આગળ વધી રહ્યા છીએ.ગુજરાતમાંથી ૬ ગામોની પંસદગી કરવામાં આવી છે જયા પુરી રીતે કો-ઓપરેટિવ વ્યવસ્થા લાગુ કરવામાં આવશે. આજે આત્મનિર્ભર કૃષિ માટે દેશનું પહેલુ નેનો યુરિયા પ્લાન્ટનું લોકાર્પણ થઇ રહ્યુ છે તેનાથી ખૂબ આનંદની લાગણી અનુભવી રહ્યો છું. યુરિયાની એક બોરીની તાકાત એક બોટલમાં સમાઇ ગઇ છે. નેનો યુરિયાની અડધો લિટર ખેડૂતની એક બોરી ની જરૂરિયાતને પુર્ણ કરશે. આનાથી ખેડૂતોનો ખર્ચો બહુ ઓછો થશે નાના ખેડૂતો માટે મોટી વાત છે. આધુનિક પ્લાન્ટ કલોલમાં લાગ્યો છે. તેની ક્ષમતા દોઢ લાખ બોટલના ઉત્પાદનની છે. આવનાર સમયમાં આવા આઠ પ્લાન્ટ દેશમાં લાગવાના છે. આનાથી યુરિયામાં વિદેશી નિર્ભરતા ઓછી થશે. દેશનો રૂપિયો બચશે. મને આશા છે કે ઇનોવેશન નેનો યુરિયા સુધી સિમિત નહી રહે. ભવિષ્યમાં અન્ય નેનો ફર્ટિલાઇઝેર પણ આપણા ખેડૂતોને મળી શકે. આપણા વૈજ્ઞાનિકો આજે આ દિશામાં કામ કરી રહ્યા છે. નેનો ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા તરફ જે પગલા આપણે લીધા છે તે કેટલા મહત્વના છે તે અંગે દરેક દેશવાસી સમજે તેમ હું માનું છું. ભારતમાં ફર્ટીલાઇઝર મામલે દુનિયામાં બીજુ સૌથી મોટુ ગ્રાહક છે. પરંતુ ઉત્પાદનના મામલે આપણે ત્રીજા નંબરે છીએ. આઠ વર્ષ પહેલા આપણા દેશમા યુરિયા ખેતરમાં જવાને બદલે કાળા બજારીનો શિકાર બનતું ખેડૂત પોતાની જરૂરિયાત સંતોષવા લાઠી ખાવા મજબૂર થતો. આપણે ત્યા મોટી યુરિયાની ફેકટરી હતી તે પણ નવી ટેકનોલોજીના અભાવે બંધ થઇ ગઇ હતી અને એટલે ૨૦૧૪માં સરકાર બની ત્યાર પછી આપણે યુરિયાની ૧૦૦ ટકા નિમકોટિનનું બીડુ ઉઠાવ્યું જેથી દેશના ખેડૂતને જરૂરિયાત પ્રમાણે યુરિયા મળવા લાગ્યું.

વડાપ્રધાન શ્રી મોદી સાહેબે જણાવ્યું કે, ફર્ટીલાઇઝરની જરૂરિયાતોને પુર્ણ કરવા માટે ભારતને વર્ષોથી મોટી માત્રામાં અન્ય દેશો પર આધાર રાખવો પડે છે. આપણી જરૂરિયાતનો લગભગ એક ચોથો ભાગ ઇમ્પોર્ટ કરી છીએ પોટાસ અને ફોસફર્સમાં ૧૦૦ ટકા વિદેશથી લાવુ પડે છે. પાછલા બે વર્ષોમાં કોરોના લોકડાઉન કારણે ઇન્ટરનેશલ માર્કેટમાં ફર્ટીલાઇઝરની કિમંત વધી, રશિયા અને યુક્રેન યુદ્ધની પરિસ્થિતિએ ફર્ટિલાઇઝરની વૈશ્વિક બજારમાં ઉપલ્બધતા સિમિત કરી દીધી અને કિમતોને વધારી દીધી.ખેડૂતો પ્રત્યે સંવેદનશિલ ભાજપ સરકારે આ આંતરરાષ્ટ્રીય મુદ્દા માટે ચિંતાજનક છે તેમ છતા પ્રયત્ન કર્યો કે ખેડૂતો પર આની કોઇ અસર ન પડે.દેશમાં ફર્ટિલાઇઝરનું કોઇ સંકટ આવવા ન દીધું. ભારત વિદેશથી યુરિયા મંગાવે છે તેમાં ૫૦ કિલોની એક બેગ સાડ ત્રણ હજાર રૂપિયા કિલો પડે છે. દેશમાં ખેડૂતોને માત્ર ૩૦૦ રૂપિયામાં આપવામાં આવે છે.યુરિયાની એક બેગમાં આપણી સરકાર ૩૨૦૦ રૂપિયાથી વધુ રકમ સરકાર ભોગવે છે. ડિએપીની ૫૦ કિલોની બેગ પર અઢી હજાર રૂપિયા સરકાર ભોગવે છે.૧૨ મહિનામાં બેગ દીઠ પાંચ ગણો ભાર કેન્દ્ર સરકાર પોતે ચુકવે છે. ખેડૂતોને તકલીફ ન થાય તે માટે ગત વર્ષે એક લાખ ૬૦ હજાર કરોડ રૂપિયાની સબસીડી ફર્ટીલાઇઝરમાં કેન્દ્ર સરકારે આપી.ખેડૂતોને મળનારી રાહત લગભગ બે લાખ કરોડ થી વધુ થવાની છે. દેશના ખેડૂતોના હિતમા જે પણ જરૂરી હશે તે કરીશું. વડાપ્રધાનશ્રી મોદી સાહેબે જણાવ્યું કે, ૨૧મી સદીમાં શું દેશના ખેડૂતોને વિદેશી પરિસ્થિતિઓ પર નિર્ભર રાખી શકીએ ? દર વર્ષે લાખો કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર ખર્ચ કરી રહી છે તે વિદેશ કેમ જાય તે ભારતના ખેડૂતો માટે કામ આવવા જોઇએ. પહેલા માત્ર તાત્કાલીક સમસ્યાઓનું સમાધાન ગોતવામાં આવ્યું પરંતુ આઠ વર્ષમાં તાત્કાલીક સમસ્યાઓનું નિવારણ સાથે સમસ્યાઓનું સમાધાન લાવવાનો પ્રયાસ કર્યો. આત્મનિર્ભરતામાં ભારત અનેક સમસ્યાઓનું હલ છે અને આત્મનિર્ભરતાનું એક મોડલ સહકાર પણ છે તે ગુજરાતમાથી અનુભવ કર્યો છે. પૂજય બાપુ અને સરદાર સાહેબનું નેતૃત્વ ગુજરાતને મળ્યું છે તેથી ગુજરાત સૌભાગ્ય શાળી છે. પૂજય બાપુએ સહકારીથી સ્વનિર્ભરનો જે માર્ગ બતાવ્યો તેને સરદાર સાહેબે જમીનમાં ઉતારવાનું કામ કર્યુ.આજે ભારત દુનિયાનું સૌથી મોટુ દૂધ ઉત્પાદક છે. ગુજરાતની મોટી ભાગીદારી છે. ડેરી સેકટર ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ગ્રામીણ અર્થવ્યવસ્થામાં વધુ સહકાર આપી રહ્યું છે. આજે ભારત એક વર્ષમાં આશરે આઠ લાખ કરોડ રૂપિયાનું દૂધ ઉત્પાદન કરી રહ્યું છે. ગત વર્ષોમાં ગુજરાતના ગામડાઓમાં સમૃદ્ધિ પાછળનું એક કારણ ડેરી સેકટરથી જોડાયેલા કો-ઓપરેટીવ રહ્યુ છે.

વડાપ્રધાનશ્રી મોદી સાહેબે જણાવ્યું કે, ગુજરાતમાં પહેલા કચ્છ-સૌરાષ્ટ્રમાં ડેરી કરવી અને નિર્માણ કરવું તેના પર રોક લાગાવવાની જોગવાઇ કરવામાં આવી.આજે ગુજરાતમાં દરેક ક્ષેત્રે ડેરીનું ક્ષેત્ર ઝડપથી વધી રહ્યું છે. ડેરી સેકટરમાં નાના ખેડૂતો,બહેનો આ કામ સંભાળી રહ્યા છે. ગુજરાતમાં આશરે ૧૭ લાખ બહેનો આજે આ કાર્યનો હિસ્સો છે. લીજ્જત પાપડની વાત કરતા જણાવ્યું કે આદિવાસી ક્ષેત્ર ની ગરીબ બહેનો થી શરૂ કરાયેલુ કામ આજે મલ્ટીનેશલન બ્રાન્ડ બની છે. દુનિયાભરમાં ભારતીય સાથે લીજ્જત પાપડ પણ પહોંચ્યુ હશે. ગત દિવસોમાં લિજ્જત પાપડના સંચાલકને પદ્મશ્રી એવોર્ડ આપ્યો. સબકા સાથ સબકા વિશ્વાસ સબકા વિકાસ સબકા પ્રયાસ આ મંત્ર પર આપણે ચાલી રહ્યા છે. આ મંત્ર સહકારની આત્મા છે.સહાકારી ક્ષેત્રે સાથે જોડાયેલા લોકો ભારત સરકારનું જેમ પોર્ટલ ના માધ્યમથી ખરીદી કરે છે તેના કારણે ટ્રાન્સપરન્સી વધી છે. જેમ પોર્ટલને સહકારી ક્ષેત્રના લોકોએ સ્વીકાર કર્યો તે બદલ તેમનો આભાર. સહકારની સૌથી મોટી તાકાત વિશ્વાસ,સહયોગ છે. ગુજરાતના સહકારી ક્ષેત્રે આજે જે બદલાવ જોવા મળ્યો છે તે એક ગર્વની વાત છે.

આ કાર્યક્રમમાં શ્રી અમિતભાઇ શાહ સાહેબે જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે કલ્પના કરી છે કે પાણી પણ પ્રદુષિત ન થાય,ભૂમિ પ્રદુષિત ન થાય,હવા પ્રદુષિત ન થાય,તેવી નિરામય ભારતની રચના માટે એક પગલુ આગળ જઇ રહ્યા છીએ તે છે નેનો તરલ યુરિયા જે ઇફ્કોએ બનાવ્યું છે તેની દેશભરમાં આજે શરૂઆત થઇ. ગુજરાત સહકારીતા ક્ષેત્રે આજે સમગ્ર દેશમાં સફળ મોડલ માનવામાં આવે છે. કોઇ પણ ક્ષેત્ર હોય ગુજરાતે સહકારીતાની આત્માને બચાવી રાખવાનું કામ કર્યુ છે. દેશભરમાં બહુ ઓછા રાજયો છે જયા સહકારીતા ક્ષેત્રે સારી રીતે કામ કરતું હોય,સિદ્ધાંત અનુરુપ ચાલતી હોય તેમાં આપણું ગુજરાત એક છે. સહકારીતા આંદોલન આઝાદીના સમયથી આત્મનિર્ભર અને સ્વદેશી બે સ્તંભોના આધારે સરદાર પટેલ,મોરારજી દેસાઇ આ બંનેએ ગાંધીજીના નેતૃત્વમાં આની શરૂઆત કરી આ પછી અનેક કાર્યકરો આ ક્ષેત્ર સાથે જોડાતા ગયા અને સમગ્ર જીવન સહકારીતાને મજબૂત કરવા ખપાવી દીધું આ જ કારણ છે કે સરદાર પટેલ અને ત્રિભુવન ભાઇએ વાવેલુ આ બીજ આજે વટવૃક્ષ બનીને ભારત અને વિશ્વ સામે ઉભુ છે.સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની માંગ હતી કે કેન્દ્ર સરકારમાં સહકારીતા માટે અલગ મંત્રાલય બનાવવામાં આવે અને તેમની માંગ પર દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સહકારીતા મંત્રાલય માટે ઐતિહાસિક નિર્ણય કર્યો. દેશના ખેડૂતો અનેક સહકારીતા આંદોલનના કાર્યકરો જાણે છે કે આ પગલુ આવનાર ૧૦૦ વર્ષ સહકારીતા આંદોલનને નવું જીવન આપશે. મંત્રાલય બન્યા પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ઘણા નિર્ણય આ વખતના બજેટમાં લેવામાં આવ્યા છે. કો-ઓપરેટીવ શેરડીની મિલો માટેનો પ્રશ્નનો કે જયારે તેઓ વધારે નફો કરે અને ખેડૂતોને ટ્રાન્સફર કરે ત્યારે ઇક્વમ ટેકસ લાગતો આ બજેટમાં આ વ્યવસ્થા દુર કરી ખેડૂતોને આઠ હજારથી વધુનો ફાયદો કરી આપ્યો. સરકારી મંડળીઓના એકમો પર સર ચાર્જ ૧૨ ટકા લાગતો અને કંપનીઓ પર ૭ ટકા લાગતો મોદીજીએ આ વ્યવસ્થા સુધારી અને સર ચાર્જને ૧૨ ટકાથી ઘટાડી ૭ ટકા સુધીનું કામ કર્યુ.ક્રેડિટ ગેંરેટી ફંડની જેટલી પણ યોજના છે તે હવે કો-ઓપરેટિવના માધ્યમથી નીચે પહોંચશે. નવી સહકારી નીતી તૈયાર કરવા ભારત સરકારે સુચનો માંગવાનું શરૂ કર્યુ છે વેબસાઇટ પરથી પણ સુચનો આપવા જાહેરાત કરવામાં આવી છે. સહકારીતાનું ડેટા બેક આજ સુધી દેશમાં ન હતું. માછલી પાલનની સહકારી સમિતિ, દૂધ ઉત્પાદન સહકારી સમિતિ હોય,ઘાસચારા ભેગુ કરતી બહેનોની સહકારી સમિતિ હોય કે કોઇ પણ સહકારી સમિતિનો એક મોટો ડેટાબેસ બેક ભારત સરકાર બનાવવા જઇ રહી છે. ઓર્ગેનિક કૃષિ ઉત્પાદનના માર્કેટીંગ માટે આજે કોઇ વ્યવસ્થા નથી. અમુલ થોડા સમયની અંદર પહેલી લેબોરેટરી ગાંધીનગરની અમુલ ડેરીમાં બનાવવામાં આવશે અને ત્યાર પછી દરેક જીલ્લામાં તેનો વિસ્તાર કરવામાં આવશે જેનાથી સર્ટીફાઇડ ઓર્ગેનિક કૃષિ ઉત્પાદન લોકો સુધી પહોંચશે ખેડૂતોને આનો ફાયદો મળશે.નેનો યુરિયાન ઉપયોગથી ૯૯ ટકા યુરિયા ઉત્પાદન વધારવામાં મદદ મળશે અને ૧૦૦ ટકા ઉપજ વધારવા ઇફ્કોના વૈજ્ઞાનિકોએ શોધ્યો છે.અંતમાં શ્રી અમિતભાઇ શાહ સાહેબે વિશ્વાસ અપાવતા જણાવ્યું કે, દેશમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર અને રાજયમાં શ્રી ભુપેન્દ્રભાઇની સરકાર સહકારીતા ક્ષેત્રને વધુ મજબૂત કરવા કોઇ કસર બાકી નહી રાખે.

માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતાં જણાવ્યુ કે, માન.પ્રધાનમંત્રીશ્રીના આ આઠ વર્ષ સુશાસનમાં દેશના તમામ ક્ષેત્રોની કાર્યપ્રણાલીમાં પરીવર્તન આવ્યું છે. હવે દેશમાં ગરીબોને તેમનો હક માંગવો નથી પડતો તે સીધો તેમના ખાતામાં જમા થાય છે. સુશાસનના આઠ વર્ષમાં પ્રજાજનોને અનુભૂતી થઈ છે કે દેશ ચલાવવા માટે નહીં પરંતુ દેશમાં બદલાવ લાવવા વાળી સરકાર બની છે. દેશમાં અનેક ઐતિહાસિક નિર્ણયો થયા એમાં વર્ષો પછી દેશમાં નવા સહકારિતા મંત્રાલયની શરૂઆત છે. સહકારિતા મંત્રાલયની જવાબદારી, સહકારી ક્ષેત્રનો બહોળો અનુભવ, જ્ઞાન અને વહીવટી કુશળતા ધરાવતા આપણાં સૌના માન.અમિતભાઈ શાહ સાહેબને સોંપવામાં આવી છે. પોટેન્શિયલ વાળા સહકારી એકમોને વેગ મળી રહ્યો છે અને તેનું ઉત્તમ ઉદાહરણ છે કે, સહકારી બેંકોને ઈંમ્ ના દાયરામાં લાવવામાં આવી જેથી સહકારી બેંકના ગવર્નન્સમાં સુધારો આવી રહ્યો છે અને ડિપોજિટર્સને વિશ્વાસ પણ વધી રહ્યો છે. તાજેતરના કેન્દ્રિય બજેટમાં વડાપ્રધાનશ્રીએ દેશની કો.ઓપરેટિવ સોસાયટીઓ માટે વૈકલ્પિક લગુત્તમ કર ઘટાડીને ૧૫% કરી નાખ્યો છે. આ વર્ષના બજેટની જોગવાઈ મુજબ ૦૧ થી ૧૦ કરોડ સુધીની આવક ધરાવતી કો.ઓપરેટિવ સોસાયટીઓ પરનો કર ૧૨% થી ઘટાડીને ૦૭% કરી દેવામાં આવ્યો છે. દેશની પ્રાઈવેટ કંપનીઓ અને કો.ઓપરેટિવ સોસાયટીઓ બંને માટે સમાન કર લાગુ કરી 'લેવલ પ્લેઈંગ ફિલ્ડ' તૈયાર કરી આપવા માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબના આપણે સૌ આભારી છીએ. ગુજરાતની વાત કરીએ તો ગુજરાત આઝાદી પહેલા અસહકારમાં અગ્રિમ હતું તે જ ગુજરાત આજે સહકાર ક્ષેત્રમાં અગ્રિમ સ્થાને છે. રાજયના સહકાર ક્ષેત્રમાં ૮૩ હજારથી વધુ મંડળીઓ કાર્યરત છે તેમાં અંદાજે ૨ કરોડ ૩૧ લાખ સભાસદો જોડાયેલા છે. અને આપણું સહકારિતા ક્ષેત્ર કેટલું વિશાળ છે તે આંકડાઓ પરથી ફલિફૂત થાય છે અને એટલે જ કહીવાય છે કે દર ત્રીજો ગુજરાતી સહકાર ક્ષેત્રે જોડાયેલો છે.

શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યુ કે, સહકાર ક્ષેત્ર અને સહકારી સંસ્થાઓ સીધેસીધી જન-જન સુધી જોડાયેલી છે અને એમાં પણ સૌથી વધારે ગ્રામ્ય અર્થતંત્ર સાથે જોડાયેલી છે. ગુજરાતમાં આપણે ઁહ્લહ્લર્ઝ સાથે સંયોજન કરીને ડ્રોન ટેકનૉલોજીના ઉપયોગથી ખેડૂતોના ખેતરમાં નેનો યુરિયા છંટકાવ કરવાની પહેલ કરવાના છીએ આના પરિણામે ખેડૂતોને ખર્ચ ઘટશે અને એક સાથે સરખું યુરિયા પાકને મળશે. સહકારી ક્ષેત્ર દ્વારા ગુજરાતે માઇક્રો અને મેક્રો બંને પ્રકારે પોતાની કેડી કંડારી છે. સહકાર એ લોકશાહીનો આધાર છે અને ગ્રામ્ય અર્થતંત્રાનો ધબકાર છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સૂચન પ્રમાણે ગામમાં ઓછામાં ઓછા ૭૫ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને તૈયાર કરવાની દિશામાં આપણે કામ આરંભ્યુ અને આ અભિયાનને સાર્થક કરવા માટે માન.અમિતભાઈ શાહ સાહેબે પ્રાકૃતિક ખેતીથી થતી ખેત પેદાશોના વેચાણમાં સહકાર ક્ષેત્રનો સહયોગ લઈને 'લોકલ પ્રોડક્ટને ગ્લોબલ માર્કેટ' આપવાનો રસ્તો આપણને બતાવ્યો છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં આત્મનિર્ભરતાનું અભિયાન ચાલી રહ્યું છે. આપણે સહકારના બળે આત્મનિર્ભર ગુજરાત દ્વારા આત્મનિર્ભર ભારત સાકાર કરવું છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે સહકારિતાનું અમૃત દેશના આર્થિક વિકાસને વેગ આપશે તેવો વિશ્વાસ અંતે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીએ વ્યક્ત કર્યો હતો

આ કાર્યક્રમમાંશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે ઐતિહાસિક કાર્યક્રમમાં ઉપસ્થિત એવા સહકારીતા પ્રવૃતિ ની ઓળખ સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વકક્ષાએ ઉભી થાય તે માટે વર્ષોથી પ્રયત્નશીલ રહ્યા છે. સહકારીતા માત્ર એક વ્યવસ્થા નહી કાયદાકીય જોગવાઇ નહી પરંતુ એક સંસ્કાર છે

આલે લે લે શ્વાનના કારણે દો હંસો કા જોડા બિછડ ગયા,ગજબ ભયો રે!!

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે સનદી સેવાનો આરંભ કરેલો. દેશના સ્વાતંત્ર્ય સેનાની સુભાષચંદ્ર બોઝ આઇસીએસ ઓફિસર તરીકે સિલેકટ થયેલ હતા. દેશને આઝાદી અપાવવા કલેકટરીને લાત મારેલી. શરૂઆતના વરસોમાં બધું બરાબર ચાલ્યું . પછી સનદી સેવાને ભ્રષ્ટાચાર, તુમાખીનો લુણો લાગવા માંડ્યો. મહદ્‌અંશે તેમની તાલીમ પદ્ધતિ પણ જવાબદાર છે. બીજા કરતાં અલગ અને સ્પેશિયલ હોવાની તુમાખી પ્રવેશી!! આ પ્રજા બુદ્ધિમાં ખરેખર અદ્વિતીય છે. રાજકારણી સાથેના સંપર્કથી શિયાળ જેવી લુચ્ચાઈ અને શઠતા પ્રવેશી. સનદીઓ યુઝ એન્ડ થ્રોની નીતિના બ્રાંડ એમ્બેસેડર હોય છે.

આર. કે પાઠક જેવા અધિકારીએ મ્યુનિસિપલ કમિશનર જૂનાગઢ તરીકે જૂનાગઢનો કાયાકલ્પ કરેલો. જગદીશને રાજકોટમાં ભૂમાફ્યાઓને મીણ કહેડાવી દીધેલું. આમ, બધા ખરાબ હોતા નથી. એક બે સડેલી કેરીને લીધે કરંડિયો બદનામ થાય છે.

હમણા ઝારખંડના કોલસા સચિવ પાસેથી કોલસાની ખાણના બદલે અધધધ કહી શકાય તેવી રૂપિયા , સોના, ચાંદી મિલકતોની ખાણ નીકળી. રોકડ રકમ ગણવા માટે લાવેલા મશીનો ગરમ થઈ ગયેલા!!!

આ કોમ ફિલ્મી અદાકાર રાજકુમાર જેવી હોય છે. રાજકુમારને સાઇન કરવા એક પ્રોડયુસર રાજકુમારના ઘરે ગયો. સાઇનિંગ એમાઉન્ટ તરીકે નોટોના બંડલ લઇને ગયેલો. નોટો ચીમળાયેલ હોવાથી તેની ખરીદશક્તિ થોડી ઓછી થઇ જાય? રાજકુમારે નોટો પર ઇસ્ત્રી ફેરવી. આ રીતે કડકડતી થયેલી નોટો પરત આપીને કહ્યું,'' જાનીંઈઈઈ નોટ ઇસ તરહ દીઈઈ જાતી હૈ!!'' બીજા એક નિર્માતાને કહ્યું,'' જાની તુમ્હારી સ્ટોરી અચ્છી હૈ, મેરા કિરદાર અચ્છા, મેરી ફી કે લીએ સંમત હો, સબ કુછ બરાબર હૈ, લેકિન મેરે કુતેકો તુમ્હારી શકલ પસંદ નહીં હૈ''આવા જ અકડું હોય છે. જશપાલસિંહ નામના આઇપીએસને સરકાર સાથે વાંધો પડ્યો. રાજીનામું આપી દીધું. વિધાનસભાની ચૂંટણી લડી ધારાસભ્ય થઇ મંત્રી બનેલા. દિલ્હીમાં બિચારા, સાવ નિર્દોષ પતિ પત્ની સાથે સોશિયલ મિડીયાએ ગેમ કરી નાંખી. બોસ વાટ લગાદી. બિચારા પતિ પત્ની ઓફિસના ઇટીંગ, મિટિંગ , ચીટિંગ, સેટીંગ, ટિઝિંગ, ફાઇલ્સ,વર્કશોપ, કોન્ફરન્સથી થાકી હારીને ઘરે જાય. ફ્રેશ થવા સ્ટેડિયમમાં લટાર મારવા જાય.પ્રાઇવસી જાળવવા ખાલી સ્ટેડિયમ રખાવે.યુધ્ધિષ્ઠિર તો સ્વર્ગે જવા પરિજનો અને કૂતરા સાથે ગયેલા. એક પછી એકે સાથ છોડી દીધો. છેલ્લે કૂતરો રહી ગયો. અંતે તેણે પણ સાથ છોડી દીધો. જમશેદ તાતાને અંગ્રેજોએ હોટલમાં ઇન્ડિયન એન્ડ ડોગ્ઝ આર નોટ એલાઉડ કહેતા તેણે તાજ હોટલ બનાવી દીધેલી.આપણે ત્યાં સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુખ એવી ઉક્તિ છે. બાર્કિંગ ડોગ સેલડમ બાઇટસ એવી અંગ્રેજી ઉક્તિ છે. કૂતરો આનાથી અનભિજ્ઞ હોવાથી ક્યારે ભસવાનું છોડીને લેંતિયું લઇ તેની ખબર પડતી નથી.કૂતરા પાળવા અંગે વિવાદ મતમતાંતર છે. પેલા પતિ પત્ની આ બધાથી અજાણ હશે. આજકાલ માબાપને પાળવાના બદલે ઘરડાઘરમાં નિકાસ કરી સર્જાયેલ ખાલીપો કૂતરા પાળી પૂરવાની વ્યર્થ કોશિશ કરે છે.પેલા સનદી દંપતી છેક રાતના સાડા સાતે કૂતરાંને લઇ સ્ટેડિયમ લટાર મારવા ગયા તો કોઇ વિઘ્નસંતોષીએ વિડીયો ઉતારી વાયરલ કરી દીધો! વિડિયો ઉતારનારે એવો દાવો કર્યો કે તે કોઇ ગેમની સ્પર્ધા માટે પ્રેકટિસ કરે છે અને તેને સ્ટેડિયમની બહાર કરવામાં આવ્યો. અલ્યા ભાઇ , તું ક્યાં ઓલિમ્પિક કે એશિયાડમાં ભાગ લઇ મેડલ લાવવાનો છે કે પ્રેકટિસ કરવા ન મળ્યું તેવું કહે છે!! નાચવું નહીંને આંગણું વાંકું જેવો ઘાટ છે. પ્રેકટિસ કરવા ઝુનુન અને ઝઝબાત જોઇએ. મન હોય તો માળવે જવાય . એકલવ્યે પધ્ધતિસર શિક્ષણ મેળવેલ હતું કે પ્રેકટિસ માટે સ્ટેડિયમ માંગ્યું હતું? છતાં, શ્રેષ્ઠ બાણાવળી બન્યો કે નહીં. આ વિડિયોના કારણે લેવાદેવા વગર ચક્વાંક યુગલ રાત્રે નદીના સામસામા કાંઠે અલગ રહી વિરહી બને તેમ અલગ અલગ પોસ્ટિંગ થયું. માનો કે ગફલત કર્યો હોય કે ફરજ બજાવવામાં ભૂલ કરી હોય અને બદલી કરવામાં આવે તો સમજ્યા? પણ કૂતરાંને લઇ સ્ટેડિયમ પર જાય માટે બદલી કરવી એટલે લા હૌલ કુવ્વત એટલે કે શરમજનક ગણાય! કૂતરાંના બંધારણીય હક્કોનું શું? તેના ભંગ માટે મેન્ડેમસ કે હેબિયર્સ કોર્પસ ન કરી શકાય??

નોકરી કરતા પતિ પત્નીને શક્ય હોય ત્યાં સુધી એકસ્થળે પોસ્ટિંગ આપવાની સૂચના છે. જરૂર પડયે કેડર સ્ટેટ બદલી પતિપત્નીને એક સ્થળે મુકવામાં આવે છે. પણ શ્વાનને લીધે બદલી થવાનો પહેલો કિસ્સો બન્યો!!

આલે લે લે શ્વાનના કારણે દો હંસો કા જોડા બિછડ ગયા,ગજબ ભયો રે!!

ભરત વૈષ્ણવ

પડી

સૌએ ગગનભેદી જયઘોષ કર્યો,
મૂર્તિના કાનમાં સખત ધાક પડી.
એ પૂતળા સરીખો સ્તબ્ધ થયો,
કોને ખબર ક્યારે કોની હાંક પડી?
અસત્ય-સત્યની લડાઈમાં સદા,
અસત્યને સત્યની લપડાક પડી.
બેવફાઈનો ડીટરજન્ટ ઉત્તમ હશે?
જુઓને કેટલી બધી ઝાંક પડી.!!
વાઘ આવ્યો રે વાઘ જેવું જ થયું,
સાચે હરી આવ્યા,માનો મજાક પડી.

ભરત વૈષ્ણવ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અમદાવાદ વિમાની મથકેથી ભાવસભર વિદાય અપાઈ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનો એક દિવસીય પ્રવાસ પૂર્ણ કરી નવી દિલ્હી જવા પરત ફરતા તેમને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદ વિમાની મથકેથી ભાવ સભર વિદાય આપવામાં આવી હતી.

આ અવસરે નવસારીના સાંસદ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી.આર પાટિલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાશનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, અમદાવાદના કલેકટર શ્રી સંદિપ સાગલે, ડી.જી.પી. આશિષ ભાટિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOGSS NO- 0088
વિષય- માન અપમાન
પ્રકાર- ગદ્ય/ વાર્તા
શીર્ષક- કંચન
નામ- ડો. મનીષા વ્યાસ

ઘોર અંધકારી મધરાતને તમરાં અને ચીબરીના અવાજ વધુ ભિહામણી બનાવી રહ્યા હતા. આ નિર્જન ચોકડીની ફાટક અનેક ભૂત-પ્રેતની દંતકથાઓથી વગોવાયેલી હતી. ફાટક પાડીને, ફાટકમેન છેલ્લી સુપરફાસ્ટ ટ્રેન પસાર થઈ જવાની રાહ જોતો હતો. અચાનક તેની અંધકારમાં આરપાર જોવા ટેવાયેલી આંખોએ જાણે ગાડીનાપાટે વિજળીનો તેજ લીસોટો દોડી જતો જોયો.

તેને દાળમાં કાંઇક કાળું લાગતાં.. પીછો કર્યો.. તેના અનુભવી કાનોએ.. ટ્રેન દૂરથી પૂર ઝડપે આવી રહી છે.. જાણતાં દોડવાની ઝડપ વધારી..

વીજળીનો ચમકારો જેટલો નજીક આવતો જતો હતો તેટલી જ સામેથી ટ્રેન. બાળકના જોરથી રડવાના અવાજે તેના પગ મરણિયા બન્યા.. એક, બે અને ત્રીજી થાપટે.. રૂપરૂપનાં અંબાર સ્ત્રીને પાટેથી દૂર હડસેડતાં બધાં ગબડીને પડ્યાં.

શું કામ બચાવી ભાઈ મને? મરવા જ દયો. મારે જીવવાનો કોઈ મારગ નથી રીયો.. ક્યાં જઈશ? બૌ થ્યું! હવે નથી સહેવાતું. રોજનાં મેણાંટોણાં, મારપીટ તો કોઠે પડી જઈતી, પણ આજે તો હદ જ થઈ. રોતી કકળતી તેને દીકરીનો ખ્યાલ આવતાં પોક મૂકી મારી રત્તા? માધો તેની દીકરીને આપતાં બોલ્યો.. "અવ ભાંન થ્યું, મારી બોન! હમણાં હતાંનતાં થે જ્યાં હોત! લ્યો હાલો, આંય તો સ્ટેશન નહિ તો.. મારી ફાટકની ઓઇડીએ થોડો પોરો ખઈ, ભૈ કીધુંસ તો હંધિયે વાત કરો..

દીકરીને તેડીને ચાલતી જુવાનજોધ તેને જોતાં, માધાની સ્મૃતિઓ જાગી..

આજે મારી કંચન હોત તો આંમજ ભાણીયું તેડીને હેંડતી હોત! અરેરે! એ છપ્પરપગી રાત.

"મનેય મુઓ કાળ ચડ્યો તે ઈની માન નોં બોલવાનાં.. કવેણ કાઢયાં.. ઈ મારા નાંના ભૈ જોડે.. ઇમ જ લગાર હસી બોલતી.. ઇમાં મીયે આળ નોંખ્યું.. ક તારા પેટમાં રીયાસ ઈ મહિના.. ચિયાક ઈના તો નથ ના.." કેતાંક ધીબેલી. ઇમ તો ઇન કૈક ધીબતો, પણ આતો ઇના ચારિતરનું ન અસ્ત્રીજાતનું હળાહળ અપમાંન થ્યું.. મુઈ આવી જ કાળમુખી રાતે.. ઇને નાં કરવાનું કર્યું.. મારી આંખ્યુંનાં રતન જેવી કંચનને લઇન પાટે પડી.. અરેરે મારી છોડી હોત તો આવડી... જ... બાપા.. બાપા.. કેતી."

"ભાઈ આ જ ફાટક" સ્ત્રીના અવાજે માધાની તંદ્રા તૂટી. એ બોલ્યો.. "બુન તન ચોય મારગ નાં હોય તો.. મન તારો બાપ જોંણી, ભેરી રેજે.. આ મનખો મલ્યોસ માંણીન જીવભા.. બુન તારું નાંમ શું?

સ્ત્રીએ કહ્યું "કંચન"

માધાથી રાડ પડાઈ હેં! "વાહ રે! પ્રભુ, તારી લીલા! જેવી લીધીતી એવી જ દીધી હો!"

NOG SS No : 0001
પ્રકાર : ગદ્ય
વિષય : માન અપમાન

જ્યા સુધી તમે સામેની વ્યક્તિ ની અપેક્ષાઓ પૂર્ણ કરી શકો ત્યાં સુધી તમને માન મળે છે..પણ જ્યારે તમે તેમની ઈચ્છાઓ સંતોષવાનું બંધ કરશો ત્યારથી તમારા અપમાન ની તે શરૂવાત કરશે..આ જ્યા જુવો ત્યાં સંબંધો માં ડગલે પગલે જોવા મળે...મોટે ભાગે સામજિક જીવન ના સંબંધો માં આવું પ્રમાણ વધારે જોવા મળે.. પતિ પત્ની અને બાળકો ના સંબંધો માં...

જ્યારે કોઈ તમારા થી સારું કે ખરાબ કહી રહ્યું હોય તે સમયે ઉત્તેજિત થવાના બદલે થોડું ધીરજથી કામ લેવું જોઈએ . કેમ કે કોઈપણ જગ્યાએ વધી ચડીને બોલવાથી અપમાન જ મળે છે. જ્યારે ઓછું બોલવા વાળા ગુણવાન બનીને વધારે માન મેળવી લે છે . આથી જ તો કદાચ કહેવામાં આવે છે કે અપમાનને સહી લેવાનો સાચો અર્થ એ હોય છે કે અપમાન કરવા વાળા ના દબાવમાં ન આવીને એને અસફળ બનાવી દઈએ .એનાથી તેઓ જેવુ ઈચ્છે છે એવું તે કરી શકતા નથી . આપણે એક વાત ક્યારેય ન ભૂલવી જોઈએ કે કોઈપણ વ્યક્તિ એટલો શ્રેષ્ઠ ક્યારેય નથી હોતો જેટલો કે લોકો એની જીત ઉપર એને માન આપે છે. આની સાથે કોઈપણ વ્યક્તિ એટલો ખરાબ પણ નથી હોતો જેટલો કે લોકો એની હાર ઉપર એને અપમાનિત કરે છે .

માન અપમાન ને સમજવા માટે જો ઊંડાણથી ચિંતન કરવામાં આવે તો ,સૌથી જ્ઞાની સંતો ની વાત સામે આવે છે કે સમજદાર પુરુષ ક્યારેય પણ માન-અપમાનને પોતાના દિલમાં કોઈ સ્થાન નથી આપતો . જ્ઞાની લોકો તો દરેક સમયે કોઈને યોગ્ય સન્માન આપે છે . અને જે કોઈ પણ એમની પાસે કોઈ પ્રકારની આશા ઈચ્છા લઈને આવે છે તો તેનું યોગ્ય રીતે માર્ગદર્શન પણ કરે છે. સંતો અને મહાત્માઓ સમજાવે છે કે જો આ સંસારમાં સુખી રહેવા ઇચ્છો છો તો માન અપમાન બંને સ્થિતિઓમાં સમાન જ રહેવું જોઈએ. કોઈ પણ વ્યક્તિ ઈચ્છીને પણ કોઈનું માન કે અપમાન નથી કરી શકતો . કેમકે આ બધું જ પ્રભુની મરજીથી થાય છે. જ્યારે માન-અપમાન ભાગ્યની દેણ છે , તો પછી કોઈએ પણ એના મળવા ઉપર વધારે ખુશી કે દુઃખી ન થવું જોઈએ. કબીર સાહેબ આ જ વાતને એક ઉદાહરણ ના માધ્યમ થી વધારે સારી રીતે સમજાવતા કહે છે કે ,જે પ્રકારે હાથીને જોઈને લોકો એને હાથ જોડીને પ્રણામ કરે છે ,એ જ હાથીને જોઈને ગલીના વિસ્તારમાં કૂતરાઓ ભસવા લાગે છે . પરંતુ હાથી પોતાની મસ્ત ધૂનમાં પોતાના રસ્તા પર ચાલતો રહે છે. એ ના તો હાથ જોડવા વાળાને જોઈને રોકાય છે કે ન તો ભસતા કૂતરા ઓ ને વળીને જુએ છે .

હાથીના આ વ્યવહારથી તો એક સાધારણ મનુષ્ય પણ એ સમજી શકે છે કે જે કોઈની પૂજા થાય છે , એને ક્યાંક ને ક્યાંક થોડી ઘણી નિંદા પણ સહન કરવી પડે છે . આજે આપણે પણ ખુશી ખુશી સ્વીકારવુ જોઈએ કે જે કોઈ દરેક સમયે બીજાઓનું અપમાન કરવા વિશે વિચારતા રહે છે , સમાજમાં એમને ક્યારેય પણ માન નથી મળતું .

આ દુનિયા કોઈ પણ વ્યક્તિને એની સફળતાઓ માટે સન્માન નથી કરતી બલ્કે જે કોઈ સમાજ માટે કેટલાક નેક કામ કરે છે , એ તો ફક્ત એ લોકોને માન આપે છે .

" જે માન - અપમાન બંને સ્થિતિઓમાં એક જેવા અનુભવ કરે છે , દુનિયા એમને મહાત્મા કહે છે

સંચાલક : પ્રદીપ રાવલ

NOG SS No. 0081
વિષય : માન અપમાન
પ્રકાર : પદ્ય
શીર્ષક : દક્ષપુત્રી

મહાદેવ તો ભોળા દિલનાં,ન માંગે કોઈ માન પાન,
સતી તો તનયા દક્ષની સોળમી, પરણી મહાદેવ સંગ.
સભામાં મહાદેવજીની દક્ષ પધાર્યા,સૌ થયાં ઊભાં,
જમાતૃ મહાદેવ નવ ઉઠિયા, જોઈ દક્ષ ક્રોધે ભરાયાં
અપમાન શ્વસુરને રોમ રોમ વ્યાપ્યો,માન પડ્યું ઓછું,
ક્રોધને વાળવા કર્યો મહાયજ્ઞ,નિમંત્રી એકેએક રજવાડું.
સતી, મહાદેવ સંગ નવ બોલાવી,લીધો એવો બદલો,
સતી અજાણી નવ જાણે બધું,પિયર પહોંચી વણનોતરી.
પિતા દક્ષ ધુત્કારે સતીને,અપમાન કરે મહાદેવનું,
સતી નવ સહી શકે આ ઘૃણા ,હોમી દે યજ્ઞમાં સર્વસ્વનું.
પ્રગટ થયા મહાદેવ,ભસ્મિત સતી જોઈ થયાં વૈરાગી,
છોડી સમસ્ત થઈ બેઠાં સંન્યાસી,દેવોની ચિંતા વધારી.
પિતા થઈ દક્ષે નવ છોડ્યું ગુમાન,ગૌણ વાતની કરી જીદ,
ગુમાવી પુત્રી, જમાઈનું કરી અપમાન,
માન અપમાનની વેદી પર ચઢ્યો સંબંધોનો બલિ.

માયા દેસાઈ, મુંબઈ ભારત.

NOG SS NO - 0050
પ્રકાર - પદ્ય મૌલિક
વિષય - માન અપમાન

માન- સ્વમાન -સમ્માન- અપમાન ,
એ તો એકબીજાનાં પૂરક છે..!
કોઈપણ વ્યક્તિનું અપમાન કરો એતો..!
પોતાનું અપમાન કર્યા બરાબર કહેવાય..!
મનોમસ્તિકમાં ફરતો રહે છે અપમાનનો ઘુંટડો..!
આપણે અણગમતો કે ખરાબ વર્તન વ્યક્તિ રિટર્ન કરીને આપે છે..!
ગુજરાતી ભાષામાં તું અને તમે..!
હિન્દી ભાષામાં તું અને આપ..!
અંગ્રેજી ભાષામાં તો યુ એન બધાને..!
આમ બધાં વચને નહીં પણ સમયને માન અપાય છે..!
કોણ છો નહીં પણ શું છે એવું પુછાય છે..!
નામ માં નહીં પણ સરનેમ ને પુછાય છે..!
સ્વમાન નહીં ત્યાં સંપત્તિનો અભાવ છે...!
સભ્યતાને સંસ્કૃતિનાં નામે ચરણ સ્પર્શ થાય છે..!
આતો ખાલી ઔપચારિકતા દેખાડીએ...!
સ્વને માન એટલે સ્વ પ્રત્યેનો અભિગમ કહેવાય..!
માન તમારે હાથ ન સોંપ્યું..!
કેમ કરીને અપમાન સહન કરીએ..?
રેતી કેરા રણ ઉપર બાંધ્યા મહેલ સ્વમાન ના હવે.! માણસને મારી શકાય છે પરંતુ ,
તેનું સન્માન છીનવી શકાતું નથી..!
પોતાની જાત પર વિશ્વાસ રાખો..!
કોઈનું સમ્માન છીનવીને અપમાન ન કરાય..!
ક્યારેક આંખો પર પાટા બાંધીને એ દ્રષ્ટિ નું અપમાન ન કરાય..!
અહેસાનનો બોજ માણસને વામણો બનાવી દે છે..!

રાગીની શુક્લ "રાગ",મુંબઈ.

NOG SS No.0098
વિષયઃ- માન- અપમાન
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- અહમ્ નું પોષણ

મિત્રો, આપણા પૌરાણિક ગ્રંથોમાં, સમાજમાં ઘર કે દફ્તરમાં માન અપમાનની સમસ્યાઓ જોવા મળી જાય છે. આપણે ઘણા બધા સુધારા કર્યા છીએ પણ શું ખરેખર કરી શક્યા છે? ના... હજુ પણ સુધારા કરવાની બહુ જરૂર છે.

ઘરમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે બે બાળકો હોય એક બાળક ભણવામાં બહુ જ હોશિયાર હોય તો બીજો ભાઈ ભણવામાં થોડું નબળું હોય હવે બીજા ભાઈ ની હાલત જુઓ એ વધારે રમે તો ઊંઘે એ તો ફરે તો બીમાર પડી જાય તો અને રિઝલ્ટ ના વખત તો વધારે વાતવાતમાં એમને અપમાનના ઘૂંટડા પીવા પડે છે.

ઘરમાં બે વહુઓ ને પોતાના વતેનથી કરેલાં કાર્યોમાં ઘરના વડીલોથી માન અપમાન જેવી સ્થિતિ પસાર થવું પડે છે.

પતિ-પત્નીના સંબંધોમાં પણ માન અપમાન ની સ્થિતિ જોઈ શકાય છે પત્ની થી ભૂલો થાય તો પતિ મહાશય અપમાન કરવાથીચૂકતાનથી.

સમાજમાં પણ આપણે માન અપમાનની સમસ્યાઓ જોઈ શકીએ છીએ .સમાજમાં આપ સંસ્થામાં જોડાઈને કોઈ પદ પર આસીન છો અને સમાજ માટે સૌ સારા કાર્ય હોય અને કોઈ એક નાની ભૂલ થઈ ગઈ હોય તો સમાજ તમારા સારા કાર્યને ભૂલીને તમારું અપમાન જરૂર કરી દે છે.

મિત્રો આ બધું શું છે? માન અપમાન ની સ્થિતિ ક્યારે ઊભી થાય? મારા મતે તો જ્યારે વ્યક્તિને અહમ ને ઠેસ પહોંચે ત્યારે તે અપમાન કરે છે અને અપમાન કરવામાં એ નિમ્ન સ્તરે ઉતરી જાય છે . આવું વર્તન થી એમણે જગ જીતી લીધું હોય એવું નથી. ખરેખર તો એ માત્રને માત્ર પોતાના અહમને પોષતો હોય છે.

લીના શર્મા,હાલોલ.

આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત 'યુવા માનસનો M.R.I. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ)' વિષય ઉપર ૯૯મું પ્રવચન યોજાયું

ગાંધીનગર

'આર્ષ' શોધસંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૪ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષ્યમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન-ચિંતન અને શાસ્ત્ર - વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત સામાજિક સમસ્યા અંગે 'યુવા માનસનો M.R.I. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ)' વિષય પર ૯૯માં પ્રવચનનું આયોજન તા. ૨૮-૦૫-૨૦૨૨ ના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ સમય દરમ્યાન થયું હતું. આ પ્રવચનમાં વિદ્વાન સંત પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, સ્વામિનારાયણ વેદાંતાચાર્ય, બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, (સારંગપુર) વક્તવ્યનો લાભ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'યુવા માનસનો M.R.I. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ)' વિષય પર પ્રકાશ પાડતાં પૂ. જ્ઞાનનયનદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, યુવાનની વાત કરવામાં આવે એટલે આપણા મનમાં સહેજે જેનું મનોબળ દૃઢ હોય, જેનામાં સાહસ હોય એવું ચિત્ર ઉપસી આવે. આજના બધા આધુનિક લેખકોને યુવાનીની ચિંતા છે. કહે છે કે, આજના યુવાનો વડીલોને આદર આપતા નથી.તેઓ ૨૭૦૦ વર્ષથી યુવાનોને કોશી રહ્યા છે. આજના યુવાનોને જોઈએ ત્યારે ઘણે અંશે આ ચિંતા સાચી લાગે છે. એટલા માટે યુવા માનસને સમજવું જરૂરી છે.

યુવાવસ્થા એટલે ઉર્જાનો ભંડાર, સંવેદનાનો ભંડાર. ૧૯ વર્ષના યુવાને ચાકુના ૩૩ ઘા ઝીંકીને માતા-પિતા અને બહેનની હત્યા કરી, આવા તો કઈ કેટલાય પ્રસંગો સમાચારપત્રોમાં દરરોજ જોવા મળે છે. તો સમસ્યા શું છે? જેમાં અવસ્થાનો પ્રભાવ, ઈન્ટરનેટ અને ટીવીનો પ્રભાવ વધુ જોવા મળે છે. માતા-પિતા બંને નોકરી કરતા હોય, યુવાન એકાંત અનુભવતો હોય અને આખો દિવસ ટેલીવિઝનમાં જાતજાતના દશ્યો જોતો હોય છે. તે પણ ઘણે અંશે કારણભૂત છે.

આજનો યુવાન કેમ કરી 2GB ડેટા પૂર્ણ કરવો તેવું વિચારે છે. એને લીધે ન જોવાનું જોયા કરતો હોય છે. પહેલા એકલું ટીવી હતું જે ફેમીલી સાથે જોવાતું પરંતુ અત્યારે મોબાઈલનો યોગ છે તેમાં પણ OTT યુગમાં એકલા જોવાનું વધ્યું છે. હવે ફેમીલીમાં વાર્તાલાપ બંધ થઈ ગયો છે. ગુનાખોરી કરી તેના પુરાવોઓનો નાશ કેમ કરવો તે માટેના પ્રયત્નો ઈન્ટરનેટના માધ્યમથી યુવાનો શોધી લે છે.

ઓનલાઈન ન્યૂઝમાં ક્યારેય ન્યુઝ પૂરા જ ન થાય. તેની વચ્ચે કંઈ કેટલુંએ આવી જાય. જે ન જોવાનું હોય તે જોવાય જાય છે અને સમય વેડફાઈ જાય છે. આવા વાતાવરણની અંદર આજના યુવાનો સપડાયેલા છે.

બીજી વાત કોમ્પીટીશન અને કારકીર્દીની ચિંતા યુવાનોને સતત રહ્યા કરે છે. હું મિકેનીકલ એન્જિનીયર છું, એમ.બી.એ. છું, હું નાની નોકરી ન કરું.

ત્રીજી સમસ્યા છે વ્યસનની. જે વ્યસનો થાય છે તેમાં ૭૫% ૧૪



થી ૩૦ વર્ષના યુવાનો કરે છે. ભારતમાં ૨૬.૭ કરોડ લોકો તમાકું ખાય છે. પૈસાની બરબાદી સાથે શરીરની બરબાદી કરી કેન્સર જેવા રોગોને નોતરે છે. બધા જ કરે છે અને આપણે ન કરીએ એટલે આપણને ખરાબ લાગે છે. અને એ લોકો સાથે મેચ થવા માટે તે ખરાબ રસ્તા પસંદ કરે છે.

તો પ્રશ્ન એ છે કે આ બધા પ્રશ્નોમાંથી યુવાન કેવી રીતે બહાર નીકળી શકે? કયો સિદ્ધાંત છે કે યુવાનો આ સમસ્યાઓમાંથી બહાર લાવી શકે?

તો પ્રથમ યુવાનોને યોગ્ય દિશા મળતી નથી. હેતુ નથી, સમયનું આયોજન નથી, એક લક્ષ્ય, રાજીપાનો વિચાર હોવો જોઈએ. સમય ઘણો છે પરંતુ મોબાઈલ બધો સમય ખાય જાય છે.

બીજુ છે જાગૃતિનો અભાવ. જ્ઞાન બધુ છે, પણ જાગૃતિ નથી. સાચા માર્ગદર્શનનો અભાવ છે. માતા-પિતાએ ૧૬ વર્ષનો દીકરો

દેશની પોલીસની દેશભક્તિ, ફુનેહ, મહેનત અને ફરજનિષ્ઠાએ દેશને હાનિ પહોંચાડનારા અનેક ષડયંત્રો નિષ્ફળ બનાવ્યા છે.-શ્રી અમિતભાઇ શાહ

ખેડા ખાતે ૩૪૮ કરોડના ખર્ચે તૈયાર થયેલા ગુજરાત પોલીસના રહેણાંક અને બિન રહેણાંક આવાસોનું લોકાર્પણ કરતા દેશના ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ

આજરોજ દેશના ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે ખેડા ખાતે ૩૪૮ કરોડના ખર્ચે તૈયાર થયેલા ગુજરાત પોલીસના રહેણાંક અને બિન રહેણાંક આવાસોનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે તેમના સંબોધનની શરૂઆત આઝાદ ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ૬૦૦થી વધુ રજવાડાઓનું એકીકરણ કરી અખંડ ભારતને ફરી કલ્પનાને સાકાર કરનાર લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું સ્મરણ કરી તેમને ભાવાંજલિ પાઠવી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ પર આવીને હંમેશા નવી ચેતના અને ઊર્જા પ્રાપ્ત થાય છે. આપણો દેશ આઝાદ થયો ત્યારથી સમગ્ર દેશની પોલીસ દેશની આંતરિક સુરક્ષા માટે કટિબદ્ધ છે. અનેક પડકારો હોવા છતાં સમય સાથે પોલીસે પોતાને અપગ્રેડ કરી દેશ તોડવાના મનસૂબા લઈ ષડયંત્રો કરનારા અનેક લોકોને જેલના સળીયા પાછળ ધકેલાયા છે.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, દેશની પોલીસની દેશભક્તિ, ફુનેહ, મહેનત અને ફરજનિષ્ઠાએ દેશને હાનિ પહોંચાડનારા અનેક ષડયંત્રો નિષ્ફળ બનાવ્યા છે. દેશના નાગરિકોની સુરક્ષા કરતા, કાયદો વ્યવસ્થાની સ્થિતિની જાળવણી કરતા ૩૫ હજારથી વધુ પોલીસના જવાનોએ પોતાના જીવનનું સર્વોચ્ચ બલિદાન ભારતમાતા માટે આપ્યું છે. દેશના નાગરિકોની સુરક્ષા, સલામતી માટે પોતાના જીવનનું બલિદાન આપનાર પોલીસના ૩૫ હજારથી વધુ શહીદ જવાનોને મનપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવું છું. શહીદ થયેલા પોલીસ જવાનના પરિવારની ક્ષતિ પૂરી કરવી અસંભવ છે, પણ દેશના ઈતિહાસમાં પ્રત્યેકે શહીદ જવાનના બલિદાનને સુવર્ણ અક્ષરે લખવામાં આવશે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે આજે ૩૪૮ કરોડના ખર્ચે પોલીસના રહેણાંક તેમજ બિન રહેણાંક જેવા કે આઈબી ઓફિસ, પોલીસ ડિસ્પેન્સરી, પોલીસ સ્ટેશન, પોલીસ બેરેક, સ્પોર્ટ્સ ફેસિલિટી, વાયરલેસ વર્કશોપ મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ ના મકાનો, ડોક કેનાલ સહિતના વિવિધ પ્રકલ્પનું લોકાર્પણ થયું છે. પોલીસ જવાનોને વધુ અસરકારક સાથે કાર્ય કરવા માટે સુવિધા ઉપલબ્ધ કરાવવાની ચિંતા ગુજરાત સરકાર સતત કરી રહી છે તે બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. ૨૦૦૧ શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આજે ૨૦૨૨માં શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના કાર્યકાળ સુધી ૩૮૪૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩૧,૧૪૬જવાનોને રહેવાના મકાન આપવાનું કાર્ય ગુજરાત સરકારે કર્યું છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે રક્ષાબંધન હોય, દિવાળી હોય, હોળી હોય, રથયાત્રા હોય કે કોઈ પણ તહેવાર હોય પોલીસ દળનો જવાન તહેવાર માનવવાના સ્થાને રોડ પર ડ્યુટી બજાવે છે, રાજયની કાયદો વ્યવસ્થાની સ્થિતિને સંભાળે છે. પોલીસના જવાનોનો ત્યાગ, બલિદાન અને યોગદાન સર્વે વિભાગના કર્મચારીઓમાં સૌથી વધારે છે. ગૌરવની બાબત છે કે દેશભરમાં પોલીસ સેટીસફેક્શન રેશિયોમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. પોલીસના હિતોનું રક્ષણ કરવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસે વર્ષો સુધી સમાજ ને અંદરો અંદર લડાવવાનું કામ કર્યું, કોમી તોફાનો ફેલાવવાનું કામ કર્યું, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કથળી કરવાનું કામ કર્યું. શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પહેલા ગુજરાતમાં વર્ષના ૩૬૫ માંથી ૨૦૦ દિવસ કર્ફ્યું રહેતો. વ્યાપાર, કારખાના, બેંકો અનેક દિવસો સુધી બંધ હોવાના કારણે અર્થવ્યવસ્થા પર તેની નકારાત્મક અસર પડતી. કોંગ્રેસના શાસનમાં રથયાત્રામાં છાશવારે હુમલા કરવામાં આવતા પણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી રથયાત્રામાં હુમલો કરવાની કોઈની હિંમત નથી.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતને સુરક્ષિત કરવાની શરૂઆત કરી અને આજે ગુજરાત સરહદી રાજ્ય હોવા છતાં શાંતિ સ્થાપવામાં ગુજરાતે સફળતા પ્રાપ્ત કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને સુરક્ષિત કરવા ચાલુ કરેલી પરંપરા આજે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવી આગળ વધારી રહ્યા છે. ભારત સરકારે NCBના માધ્યમથી બધા રાજયોની પોલીસને સાથે રાખી પ્રતિબંધિત નાર્કોટિક પદાર્થોને પકડવાનું એક અભિયાન ચાલુ કર્યું હતું ત્યારે કહેતા આનંદ થાય છે કે નાર્કોટિક્સની દાણચોરી પકડવામાં ગુજરાત નંબર વન છે. ગુજરાતની પોલીસ, ચેતક કમાન્ડો ફોર્સ, એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ, કોસ્ટલ પોલીસ તેમજ મરીન ટાસ્ક ફોર્સ આતંકવાદીઓ, દેશવિરોધી તત્ત્વો, કોમી તોફાન ફેલાવનાર, દાણચોરી અને ગુસપેઠ કરનાર તત્વોની સામે લડવા અને પ્રત્યેક પડકાર ઝીલવા કટિબદ્ધ છે. તેમણે અંતમાં જણાવ્યું હતું કે, ઘણા વર્ષો સુધી ગુજરાતની પોલીસ સાથે આત્મીયતાથી કામ કરવાનો અવસર મળ્યો છે તે વાતનો મને આનંદ છે અને આજના કાર્યક્રમમાં આમંત્રિત કરવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના આહવા થી અરવલ્લી અને છોટાઉદેપુર થી કચ્છ સુધી ૨૧ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંક સહિત અન્ય સુવિધાઓનું લોકાર્પણ રાજય પોલીસ દળને વધુ સુદ્રઢ અને સુવિધાયુક્ત બનાવશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. કોઈ પણ દેશ રાજ્ય કે સમાજના વિકાસમાં મુખ્ય ચાલકબળ શિક્ષણ સ્વાસ્થ્ય અને સુરક્ષા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શક્તિ પંચામૃત એટલે કે જ્ઞાન શક્તિ, રક્ષા શક્તિ, જળ શક્તિ, જન શક્તિ, ઊર્જા શક્તિ ના આધારે ગુજરાતના વિકાસનો પાયો નાખ્યો છે. ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ, ઠંડી, ગરમી કે વરસાદમાં દિવસ-રાત જોયા વગર ફરજ નિભાવતા પોલીસ પરિવાર ને આભારી છે. રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર પોલીસ દળના આધુનિકરણ માટે તેમજ ટેક્નોસેવી વ્યવસ્થા ઊભી કરવા માટે કટિબદ્ધ છે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કેન્દ્રીય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ, રાજ્ય સરકારના મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રીમતી મનીષાબેન વકીલ, રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમારજી, ગુજરાતનના ડીજીપી શ્રી રાજીવ ભાટીયા ,ધારાસભ્યશ્રીઓ તેમજ સબંધિત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના ૨૫ જિલ્લાઓમાં આજના આ કાર્યક્રમને નિહાળવાનું આયોજન ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતા જ્યાં સ્થાનિક ચૂંટાયેલા સભ્યો અને અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

૩૧ મે વિશ્વ તમાકુ નિષેધ-વ્યસન મુક્તિ દિન નિમિત્તે દર્દી અને તેના સગાઓને પ્રાણ ઘાતક વ્યસનો અને રોગોમાંથી છુટકારો-મુક્તિ મેળવવાનો પ્રેરણા સંદેશો પહોંચાડવાનો,સંકલ્પિત થવા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત વ્યસન મુક્તિ આંદોલન અભિયાન અંતર્ગત ગાયત્રી પરિવાર નારણપુરા તેમજ શ્રીમતિ મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલ અને ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે પ્રયાસ-પ્રયત્નથી પ્રચારાર્થે તા.૩૧-૫-૨૦૨૨ ના રોજ બપોરે ૧૨-૦૦ વાગે શ્રીમતિ મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલ અસારવા ખાતે સમાજલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે,જેમાં સમાજના સૌ કોઈ જોડાઈ શકે છે તેમાંય ખાસ કરીને યુવા મિત્રો મિત્ર વર્તુળમાં પોતાની જાતને સંભાળીને અનેક પ્રકારના લોભ,મોહ,મદ,લાલચ, દેખાદેખીના ભરડા-ચુંગાલની લપેટમાં ફસાઈ ના જતા પોતેજ પોતાનું આદર્શ વ્યક્તિ નિર્માણ,કુટુંબ નિર્માણ,સમાજ નિર્માણ, રાષ્ટ્ર નિર્માણ કરી સારા સંતાન બની એક આદર્શ પુત્ર,ભાઈ,પતિ, પિતાની ભૂમિકા અદા કરી સુખ શાંતિ સમૃદ્ધિ,સંતોષ પ્રાપ્ત કરી ધરતી ઉપર સ્વર્ગનું અવતરણ કરી ભગીરથ બની શકે છે.આપ જ્યાં હોવ ત્યાં પણ આ સંદેશો પહોંચાડી પૂણ્ય કાર્યના યોગીના બની શકો તો સહયોગી અવશ્ય બનો.

ફ્રાન્સ ના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ પર

સાડીમાં પહોંચેલી ગુજરાતી અભિનેત્રી કોમલ ઠક્કર ને સમાપન સમારોહમાં ખાસ નિમંત્રણ મળ્યું

મુળ કચ્છની સંપુર્ણ ગુજરાતી અભિનેત્રી કોમલ ઠક્કર બે દિવસ પહેલા ફ્રાન્સ ના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતીય સાડી સાથે રેડ કાર્પેટ પર પહોંચી ને આંતર રાષ્ટ્રીય સ્તરની આ ઈવેન્ટ માં ગુજરાતીઓનો ડંકો વગાડેલો. હવે, આ જ ફેસ્ટિવલ ના સમાપન સમારોહમાં કોમલ ઠક્કર ને વિશેષ આમંત્રણ મળતાં જ તેનો અભિનેત્રી તરીકે નો મુળ જલવો બહાર આવેલો.ગાલા લુક ને કારણે ઉપસ્થિત અનેક લોકોમાં કોમલ વિશેષ આકર્ષણ બની હતી અને અનેક લોકો તેની સાથે સેલ્ફી સહિત ફોટોગ્રાફ લેતા નજરે પડ્યા હતા.

ફ્રાન્સ ખાતે દબદબાભેર યોજાતા અવ્વલ દરજ્જાના આ કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સતત ચર્ચામાં રહી કોમલ ઠક્કરે ભવિષ્ય માં ગુજરાતી ફિલ્મો માટે પાયો નાખી દીધો છે.

ગુજરાતી અભિનેત્રી કોમલ ઠક્કર ને અભિનંદન..

વડગામ ના તેનિવાડા ના બે દીવસ અગાઉ ગુમ થયેલ

યુવક ની લાશ પસવાદળ ના તળાવમાં થી મળી આવતા ચકચાર . હત્યા કે આત્મહત્યા અકબંદ

બનાસકાંઠા સમાચાર
રિપોર્ટ : દીલીપ ગોહીલ

વડગામ ના તેનિવાડા ગામમાં યુવક બે દીવસ અગાઉ ગુમ થયેલ જે બાદ યુવક ના પરિવાર છાપી પોલીસ મથકે ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ આજ રોજ પસબાદળ ગામના તળાવ નજીક યુવક નુ બાઈક મળી આવ્યુ હતુ. ફાયર એન્ડ ઈમર્જન્સી પાલનપુર ની ટીમે પાણી માંથી યુવકનો મૂર્તદેહ ને બહાર નિકાળવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના ને પગલે ઘટના સ્થળે લકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. યુવક ના મ્રુતદેહને વડગામ રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

વડગામ તેનિવાડા ગામના વનરાજ ઠાકોર નામના યુવક બે દીવસ અગાઉ ગુમ થયેલ જે બાદ આ યુવક ના પરિવારે છાપી પોલીસ મથકે ગુમ થયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ છાપી પોલીસે તપાસ શરૂ કરી હતી. જ્યારે આજ રોજ પસવાદળ ગામ તળાવ નજીક બાઈક મળી આવ્યુ હતુ. બાઈક મળી આવતા યુવક ની શોધખોળ હાથ ધરાઈ હતી. જે બાદ ફાયર એન્ડ ઈમર્જન્સી પાલનપુર ની ટીમે તળાવ માંથી ભારે જહેમત બાદ યુવક ની સોધખોળ કરી યુવકનો મૂર્તદેહ બહાર નિકાળવામાં આવ્યો હતો. આ ઘટના ના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. વનરાજજી ઠાકોર નામનો યુવક બે દીવસ અગાઉ ગુમ થયેલ અને આજ રોજ પસવાદળ ગામના તળાવ નજીક થી યુવક નો મૂર્તદેહ મળી આવતા મોતનુ કારણ હાલ પુરતુ અકબંદ જોવા મળી રહ્યુ છે. યુવક ના મ્રુતદેહ ને હાલ વડગામ ના રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ અર્થે ખસેડવામાં આવ્યો છે. હવે જોવાનુ એ રહ્યુ કે યુવકની હત્યા કરવામાં આવી છે કે આ યુવકે આત્મહત્યા કરી છે તે હવે પી.એમ રિપોર્ટ તેમજ પોલીસ તપાસ બાદ બહાર આવશે.

સુબિર ખાતે અદ્યતન સુવિધાઓ સાથેના પોલીસ આવાસોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

આહવાઃ તા. ૨૯ :

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા તૈયાર કરાયેલા અદ્યતન સુવિધાઓ સાથેના આવસોનો ઈ લોકાર્પણ કાર્યક્રમ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સુબિર ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમા મુખ્ય અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, અને ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ દ્વારા રીબીન કાપી પોલીસ આવાસનુ લોકાર્પણ કરાયુ હતુ.

કેન્દ્રિય મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ વર્ચ્યુઅલ કાર્યક્રમમા આજે રાજ્યના ૨૫ જિલ્લામા ૩૪૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન સુવિધાઓ ધરાવતાં પોલીસ આવસોના ઈ લોકાર્પણ કરાયા હતા. આ પ્રસંગે રાજયના છેવાડે આવેલ ડાંગ જિલ્લાના નવ નિર્મિત સુબિર તાલુકામા, જિલ્લાના પધાધિકારીઓની ઉપસ્થિતમા કાર્યક્રમ આયોજિત કરાયો હતો.

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ડાંગ જિલ્લાના સુબિર તાલુકાનુ સૌ પ્રથમ વિભાજન કર્યું હતુ. જે બાદ વહીવટી કામની વહેંચણી થઈ સુબિર ખાતે પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત, સી.એચ.સી વિગેરે સેવાઓ ઉભી કરવામા આવી હતી. સુબિર ખાતે પોલીસ માટે આવાસની સુવિધાઓ ન હોવાથી, મુખ્ય મથક આહવાથી પોલીસ કર્મીઓને આવન જાવન કરવુ પડતુ હતુ. પરંતું સરકારે અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરાયેલા આવાસનુ લોકાર્પણ કરી, પોલીસ કર્મીઓને ભેટ આપી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવીતે જણાવ્યું હતું કે ડાંગ જિલ્લો ડુંગરાળ જંગલ વિસ્તાર ધરાવે છે. સાથે ૩ બાજુથી મહારાષ્ટ્ર રાજ્ય સાથે જોડાયેલ હોઈ અહીં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે ખુબ જ જરૂરી છે. કાયદો વ્યવસ્થાને સરળ બનાવવા માટે સુબિર ખાતે પોલીસ ચોકી બનાવી, અહીં પોલીસ આવાઓનુ લોકાર્પણ કરતા તેઓ ખુશી અનુભવતા હોવાનુ જણાવ્યું હતું. ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે કોરોના કાળમાં પોલીસ કર્મીઓ, હોમગાર્ડ જવાનો, જી.આર.ડી જવાનોની કામગીરી સરાહનીય હતી. હોમગાર્ડ જવાનોના પડતર પ્રશ્નો બાબતે તેઓ સરકારમા રજુઆત કરશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સુખીર તાલુકાનુ નવ નિર્માણ કરીને વહીવટી કામગીરીને સરળ બનાવી છે. વધુમા તેઓએ સરકારના કામોની સમીક્ષા કરી, પ્રજા હિત કરનાર સરકારી કામગીરીને સરાહનીય ગણાવી હતી.

કાર્યક્રમમા ડાંગ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભાવિન પડ્યાએ જણાવ્યું હતું કે સુબિર જેવા અંતરિયાળ વિસ્તારમા પોલીસ આવાસ બનવાને કારણે હવે પોલીસ કર્મીઓ સહપરિવાર સાથે રહી શકશે. પોલીસ કર્મીઓ આકસ્મિક સેવાઓ માટે તરત પહોંચી શકશે. ગુજરાતી સરકારની નેમ છે કે, ભવિષ્યમાં બિન રહેણાંક આવાસો ઊભા કરવામા આવશે, સુબિર ખાતે આવાસ લોકાર્પણ પ્રસંગે કલેક્ટર શ્રીએ પોલીસ કર્મીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સુબીર ખાતે પોલીસ આવાસ ઈ લોકાર્પણ કાર્યક્રમમા ડાંગ જિલ્લાના ડી.વાય.એસ.પી. શ્રી જે.જે.ગામીતે જણાવ્યુ હતુ કે ડાંગ જિલ્લામા પ્રથમવાર સુબિર ખાતે પોલીસ આવાસનુ નિર્માણ થવા પામ્યુ છે. સૌ પ્રથમ વાર ગુજરાતમા સુબિરના પોલીસ આવાસનુ મોડેલ અમ્રુવ થવા બદલ સરકારશ્રીનો આભાર માન્યો હતો. શ્રી જે.જે ગામીતે વધુમા જણાવ્યું હતું કે ૩ કરોડના ખર્ચ સાથે અદ્યતન સુવિધાઓ ધરાવતા આવાસો, પોલીસકર્મીઓ માટે ખૂબ જ ઉપયોગી બનશે. સુબિર જેવા અંતરિયાળ વિસ્તારમા કોઈપણ બનાવ બનશે, તો કાયદો અને વ્યવસ્થા જાળવવા તરત પોલીસકર્મીઓ ઝડપથી પહોંચી શકશે ડાંગ જિલ્લાના સુબિર ખાતે ? ૨,૮૨,૬૯,૦૨૮/-ના ખર્ચે નવનિર્મિત પોલીસ રહેણાંક આવાસ બી-૧૬ નુ લોકાર્પણ શ્રી મંગળભાઈ ગાવીત જિલ્લા પંચાયત પ્રમુખ, શ્રી વિજયભાઈ પટેલ ધારાસભ્યનાં હસ્તે કરવામાં આવ્યું હતું, લોકાર્પણ બાદ બન્ને મહાનુભાવોએ પોલીસ આવાસની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

નરેન્દ્ર પવાર,ડાંગ

DAIICT ગાંધીનગર ખાતે યોજાઈ સુપર કમ્પ્યૂટર અંગેની ટ્રેનિંગ વર્કશોપ

આધુનિક સમયમાં વિકાસનાં લક્ષ્યાંકો સર કરવા માટે સુપર કમ્પ્યૂટિંગ આવશ્યક બન્યું છે. શિક્ષણથી લઈને સંરક્ષણ ક્ષેત્ર સહિતનાં તમામ ક્ષેત્રોમાં સુપર કમ્પ્યૂટિંગ વિના ચાલી શકે નહીં. ગુજરાત સરકારે રાજ્યના વિદ્યાર્થીઓથી લઈને અધ્યાપકો માટે સુપર કમ્પ્યૂટિંગની સુવિધા વિકસાવવાનું સાહસિક પગલું ભર્યું છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) રાજ્યની એન્જિનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ્સ, સંશોધન સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓમાં સુપર કમ્પ્યૂટિંગ સુવિધાઓ વિકસાવવા પ્રતિબદ્ધ છે. GUJCOST દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૬ એન્જિનિયરિંગ અને યુનિવર્સિટી વિભાગોમાં સુપર કમ્પ્યૂટર ઇન્સ્ટૉલ કરવામાં આવ્યાં છે. આ સુપર કમ્પ્યૂટરનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તથા યુનિવર્સિટી સ્તરે ઉચ્ચ સ્તરીય સંશોધનો તથા ઇનોવેશનમાં સુપર કમ્પ્યૂટિંગને કામે લગાડી શકાય, એવા ઉદ્દેશથી આ સંસ્થાઓના ફેકલ્ટીઝ માટે ગાંધીનગર સ્થિત DA-IICT ખાતે ૨૬થી ૨૮ મે, ૨૦૨૨ના દિવસોમાં ત્રિ-દિવસીય તાલીમી કાર્યશાળાનું આયોજન કરાયું.

આ ત્રિ-દિવસીય ટ્રેનિંગ વર્કશોપમાં ૨૬ સંસ્થાઓની કુલ ૭૦થી વધારે ફેકલ્ટીઝ અને સંશોધકો સહભાગી બન્યા. વર્કશોપમાં C-DAC, પૂનાના નિષ્ણાતો ડૉ. વામ્શી ક્રિષ્ના, ડૉ. હરિકેશ તુલસીરામ શિંદે અને ડૉ. જયશ્રી સંજય પવાર દ્વારા જુદાં જુદાં સેશન લેવામાં આવ્યાં તથા હાઇ પરફોર્મન્સ કમ્પ્યૂટિંગ તથા ડીપ લર્નિંગ સિસ્ટમ અંગે તાલીમ આપવામાં આવી.

વિદ્યાર્થીઓ, સંશોધકો, ફેકલ્ટી મેમ્બર્સ વગેરે સુપર કમ્પ્યૂટિંગ થકી ઉચ્ચ સ્તરીય સંશોધનો હાથ ધરી શકે તથા ઇનોવેશનને વેગ આપી શકે, એવા ઉદ્દેશથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજકોસ્ટને આશા છે કે આવી તાલીમ થકી કૌશલ્યના વિકાસ સાથે આત્મનિર્ભર ભારત તરફ મજબૂત રીતે આગળ વધી શકાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મૃદુ છતાં મક્કમ નિર્ણાયકતા સાથે પારદર્શી પ્રશાસનની નવતર પહેલ

રાજ્ય સરકારના વિભાગોના વિવિધ વર્ગોના કર્મયોગીઓની બદલીમાં ઓનલાઈન અરજી વોટ્સએપ ગ્રુપ દ્વારા સંકલન, વિડીયો કોન્ફરન્સથી સુનાવણી અને સુચનો જેવા નવીન અભિગમ અપનાવાયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યશાસનનું દાયિત્વ સંભાળ્યું ત્યારથી જ પ્રશાસનિક વ્યવસ્થામાં પારદર્શિતા, ઓનલાઈન પદ્ધતિઓ અને કાર્યદક્ષતાને મહત્વ આપવાનો વ્યુહ અપનાવ્યો છે

શ્રી ભૂપેન્દ્ર પટેલ મૃદુ, મિતભાષી છતાં મક્કમ નિર્ણાયકતા સાથે સામાન્ય માનવીથી લઈને રાજ્યસેવાના અદના વર્ગ- ૪ અને વર્ગ-૩ના કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખી સંવેદનાત્મક નિર્ણાયકતાના સતત હિમાયતી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોને પણ નાના કર્મચારીઓને કામગીરીમાં સરળતા રહે, ઘર-પરિવારની દેખભાળ કે વૃદ્ધ માતા-પિતાની સારસંભાળમાં તેને સુવિધા મળે તેવી રીતે કર્મચારીઓની ફેરબદલી કરવાનો અભિગમ અપનાવવા સૂચનાઓ આપેલી છે.

એટલું જ નહીં, મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ, ગંગાસ્વરૂપ, માંદગીના કિસ્સા, કે પતિ-પત્ની બે અલગ અલગ સ્થળે સેવારત હોય તેવા કિસ્સામાં પણ વિભાગ તથા સચિવાલય કક્ષાએ સહાનુભૂતિપૂર્વક વિચારી બદલીઓ કરવાના દિશાનિર્દેશો આપેલા છે.

મુખ્યમંત્રીશ્રીના આ દિશાનિર્દેશોને પગલે સંબંધિત વિભાગોએ પણ સંપૂર્ણ પારદર્શિતા -ટોટલ ટ્રાન્સપરન્સી સાથે આ પ્રક્રિયા હાથ ધરી છે. તદનુસાર પંચાયત વિભાગે માત્ર ચોવીસ જ કલાકમાં ૧૦૬૭ કર્મયોગીઓના આંતરજીલ્લા ફેરબદલીના હુકમ કર્યા છે રોજગાર અને તાલીમ વિભાગે વિડિયો કોન્ફરન્સિંગનો અદ્યતન રાહ અપનાવી ૧૧૬૫ કર્મીઓની પારદર્શી રીતે આંતર જિલ્લા ફેરબદલીઓ કરી છે.

કર્મયોગીઓના કલ્યાણ અને વહીવટી સુદ્રઢતા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ આગવા અભિગમને પરિણામે રાજ્યના ૨,૨૩૨ કર્મયોગીઓની આંતરજિલ્લા ફેરબદલી ખૂબ જ ટૂંકા ગાળામાં શક્ય બની છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.